**સુવિચાર**

ઉગ્ર શબ્દોમાં આદેશ આપવો તેના કરતા નમ્ર શબ્દોમાં આદેશ આપવો.

:: સૌજન્ય ::

**નિલકંઠ જવેલર્સ**
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૩૦/૦૯/૨૦૨૩, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ ભાદરવા વદ-૧ વર્ષ : ૧૫ અંક : ૨૪૧



ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.


## પી.પી. સોજીત્રાનાં જન્મદિને પી.પી. સોજીત્રા ફાઉન્ડેશનની રચના

# અમરેલીનાં ગરીબ વિદ્યાર્થીઓ માટે રૂપિયા એક કરોડ જાહેર

- રૂપિયા ૧ કરોડ બેન્કમાં જમા કરાવીને દર મહિને રૂપિયા ૧ લાખ ગરીબ વિદ્યાર્થીને અભ્યાસ અર્થે અપાશે
- અમરેલીનાં ઈતિહાસમાં એક વ્યકિતએ આટલી મોટી રકમ ફાળવી હોય તેવી સૌપ્રથમ ઘટના
- અમરેલીનાં હિત માટે હંમેશા ચિંતિત શહેરનાં સ્વપ્નદ્રષ્ટા પી.પી. સોજીત્રાનાં નિર્ણયની ભારે પ્રશંસા
- જે કાર્ય વ્યકિતગત ધોરણે કોઈ ધારાસભ્ય કે સાંસદ ન કરી શકયા તેવું કાર્ય સહકારી અગ્રણીએ કર્યુ



અમરેલી, તા. ૨૯

અમરેલીનાં આંગણે આજે શહેરનાં સ્વપ્ન દ્રષ્ટા અને સહકારી અગ્રણી પી.પી. સોજીત્રાનાં ૬૨ માં જન્મદિને તેમની રકતતુલા અને અભિવાદનનો ઐતિહાસિક કાર્યક્રમ હનુમાનપરા, પટેલવાડી ખાતે ખીચોખીચ જનમેદની વચ્ચે યોજાયો હતો.

આ અભિવાદન સમારોહ માનવ મંદિરનાં પૂ. ભકિતરામબાપુ, ડો. ભરત કાનાબારની ઉપસ્થિતિમાં યોજાયો હતો. જેમાં શહેરની ૧૨૨ જેટલી વિવિધ સેવાકીય અને સામાજિક સંસ્થાઓ ધ્વારા પી.પી. સોજીત્રાનું શાલ, પુષ્પાહાર, બુકે, શિલ્ડ ધ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

તદુઉપરાત ૩૦૦ બોટલ રકત ધ્વારા તેઓની રકતતુલા કરીને

અનુસંધાન પાના ૬ ઉપર

### બાઈકમાં થતી દારૂની હેરફેર ઝડપાઈ

## ધારીનાં દેવળા ગામ નજીકથી વિદેશી દારૂની ૧૫ બોટલ ઝડપાઈ

**બે આરોપી ઝડપાયા ત્રીજા આરોપીને ઝડપી લેવાશે**

અમરેલી, તા. ૨૮

ધારી તાલુકાનાં દેવળા ગામે રહેતા રોહીતભાઈ દેવચંદભાઈ કથીરીયા દેવળા ગામે નર્સરી પાસે રોડ ઉપર પોતાનાં કબ્જામાં કાપડની થેલીમાં એક ઈંગ્લીશ દારૂની બોટલ રીંગ પેક ૭૫૦ મી.લી.ની બોટલ સાથે પકડાયેલ હોય અને તેનાં મોબાઈલ ફોનમાંથી આરોપી દિલુભાઈ કાળુભાઈ

અનુસંધાન પાના ૬ ઉપર


**પ્રવેશ કાર્ય શરૂ છે**
**મુકેશ જાની કોલેજ અમરેલી**
- આર્ટસ પ્રથમ વર્ષમાં પ્રવેશ શરૂ છે
- બી.સી.એ. પ્રથમ વર્ષમાં પ્રવેશ શરૂ છે
- બી.એસ.સી. પ્રથમ વર્ષમાં પ્રવેશ શરૂ છે
- D.M.L.T. પ્રથમ વર્ષમાં પ્રવેશ શરૂ છે

આજે જ સંપર્ક કરો
જેશીંગપરા, રંગપુર રોડ, અમરેલી.
મો.નં. ૯૪૨૭૨ ૪૯૨૫૬

**જોઈએ છે**
પેટ્રોલપંપ પર કામ કરી શકે તેવા ભાઈઓ/બહેનો આકર્ષક પગારથી જોઈએ છે
શ્રી ક્રિષ્ના પેટ્રોલ પંપ
HP પેટ્રોલ પંપ, માણેકપરા, અમરેલી.

**બી.એડ. પ્રવેશ માટે**
૯૯૦૯૫ ૨૩૪૧૮

**હાર્દિક નિમંત્રણ**
વેપારી મહામંડળ અમરેલી
વેપારી મહામંડળ અમરેલી દ્વારા આયોજિત
**વેપારીઓનું સ્નેહમિલન**
એકત્રમ્
સમન્વય થી સંગઠન
નું આયોજન કરવામાં આવ્યું છે.
અમરેલી શહેરમાં હરહંમેશ વેપારીઓની, વેપારીઓ માટે, વેપારીઓને સાથે રાખી કામ કરતી સંસ્થા...
આપને સ્નેહ મિલનમાં પધારવા હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ...
તારીખ : ૦૧/૧૦/૨૦૨૩, રવિવાર, સમય : સાંજે ૬:૦૦ કલાકે
સ્થળ : ગણેશ પાર્ટી પ્લોટ, લાઠી રોડ, અમરેલી.

: સમારંભના અધ્યક્ષ :
માન.શ્રી કૌશિકભાઇ વેકરીયા
નાયબ મુખ્ય દંડક, ગુજરાત વિધાનસભા

: મુખ્ય મહેમાન :
માન.શ્રી મુકેશભાઈ સંઘાણી — પ્રમુખ, સારહિ યુથ કલબ ઓફ અમરેલી
માન.શ્રી પરેશભાઈ ધાનાણી — પૂર્વ વિરોધપક્ષ નેતા
માન.શ્રી પી.પી. સોજીત્રા — પૂર્વ ચેરમેન, માર્કેટયાર્ડ, અમરેલી.

: અતિથિ વિશેષ :
માન.શ્રી કાળુભાઈ ભંડેરી — અગ્રણી ઉદ્યોગપતિ, સહયોગ ઈન્ડસ્ટ્રીઝ
માન.શ્રી જીતુભાઇ ગોળવાળા — અગ્રણી વેપારી, મે.એમ.પી. બ્રધર્સ
માન.શ્રી વિજયભાઈ ફીણાવા — અગ્રણી ઉદ્યોગપતિ, ક્રષ્ટી કોટસ્પીન પ્રા.લી.
માન.શ્રી ભગીરથભાઇ ત્રિવેદી — પ્રમુખ, અમરેલી ડીસ્ટ્રી. ચેમ્બર ઓફ કોમર્સ
માન.શ્રી રસીકભાઈ પાથર — અગ્રણી ઉદ્યોગપતિ, સોમનાથ બેસન ઈન્ડસ્ટ્રીઝ
માન.શ્રી રજનીભાઇ પાટડીયા — અગ્રણી વેપારી, જમનાદાસ મુળજીભાઈ બાબરાવાળા
માન.શ્રી જીતુભાઇ બોરસાણીયા — અગ્રણી ઉદ્યોગપતિ, નીવા ગ્રીન્સ એગ્રો L.L.P

: બોર્ડ મેમ્બર્સ :
બિરજુ અટારા – પ્રમુખ
જયેશભાઈ પંડયા – ઉપપ્રમુખ
શાંતિલાલ ડોબરીયા – ઉપપ્રમુખ
શૈલેન્દ્રસિંહ ચૌહાણ – ઉપપ્રમુખ
બિરેન કાબરીયા – ઉપપ્રમુખ
મુકેશ સોઢા – ઉપપ્રમુખ
ચંદ્રેશ ધોળકીયા – મંત્રી
નયન પરસાણીયા – મંત્રી
ધવલ કાબરીયા – મંત્રી
મયુર સાગલાણી – સહ મંત્રી
મિતેન ગુંદરણીયા – સહ મંત્રી
અલ્પેશ સાવજ – સહ મંત્રી
જયેશ માવદીયા – ખજાનચી
જીગ્નેશ ચાવડા – સહ ખજાનચી
સંજય માલવીયા – સહ ખજાનચી
વિજય ખુબચંદાણી – સંગઠન મંત્રી
નીતિન હિરાણી – સંગઠન મંત્રી
વિજય ભડિગજી – સંગઠન મંત્રી

: નિમંત્રક :
બિરજુ અટારા – પ્રમુખ
ચંદ્રેશ ધોળકીયા – મંત્રી
નયન પરસાણીયા – મંત્રી
ધવલ કાબરીયા – મંત્રી
વેપારી મહામંડળ-અમરેલી

: એડવાઇઝરી કમિટી :
સંજય વણજાર
મેહુલભાઈ ધોરાજીયા, લાલજીભાઈ પોકાર, જીતુભાઇ પાથર, બાબુભાઇ કાબરિયા, અતુલભાઈ ત્રિવેદી, મયંક નવાપરિયા, સંજયભાઈ મહેતા, ગોપાલ ભટ્ટ, અલ્પેશ જાવિયા, વિવેક વ્યાસ, દિનેશભાઇ ભુવા, સંજય ખખ્ખર, હિતેષ પોપટ, ભાવેશ પડસાલા, મનિષ ડોબરીયા, ઉમેશભાઈ સંઘવી, ભરતભાઈ હિરપરા, હરીશભાઇ કંસારા, અનિલભાઇ પાટીદાર, ડેની રામાણી, આનંદ પોપટ, પિયુષ હિરપરા, કાર્તિક મેતલિયા, નિતિનભાઈ સાચાણી
મૃણાલ ગાંધી

**કાન નાક ગળા વિભાગ**
- અમરેલી જિલ્લામાં પ્રથમવાર કાનના પડદાનું ચીરો મૂક્યા વગર ઓપરેશનની સુવિધા ઉપલબ્ધ (Endoscopic Tympanoplasty).
- કાનના સડાનું ઓપરેશન તથા કાનની બહેરાશની તપાસ (ઓડિયોમેટ્રી).
- નાકના પડદાનું ઓપરેશન અને નાકના મસાનું દૂરબીનથી ઓપરેશન રાહતદરે કરી આપવામાં આવશે.
- ગળાની સ્વરપેટીના મસા તથા ગાંઠનું, કાકડા તેમજ એડેનોઇડ (Adenoid)ના ઓપરેશન કરી આપવામાં આવશે.
- થાઈરોઈડ ગ્રંથિના રોગોનું નિદાન તેમજ ઓપરેશનની સુવિધા ઉપલબ્ધ.
- જીભ તેમજ અન્ય મોઢાના અને ગળાના કેન્સરનું નિદાન અને સારવાર ની સુવિધા ઉપલબ્ધ.
- એલર્જીના રોગોનું નિદાન અને સારવાર.
- ચહેરાના પેરાલીસીસ માટે નિદાન અને સારવાર.
- નાસુરનું દૂરબીનથી ઓપરેશન રાહતદરે કરી આપવામાં આવશે (ચેકો મુક્યા વગર).
- કાન -નાક -ગળા ને લગતી કોઈપણ તકલીફ માટે સારવાર રાહતદરે કરી આપવામાં આવશે.




ઉપલબ્ધ સુવિધા
હેલ્થ ચેક અપ | એક્સ-રે | ઓડિયોમેટ્રી અને એન્ડોસ્કોપી સર્જરી
મેડિકલ સ્ટોર | લેબોરેટરી | 24x7 તાત્કાલિક સારવાર | એમ્બ્યુલન્સની સુવિધા
આયુષ્માન કાર્ડ અંતર્ગત મફત ઓપરેશન સુવિધા.

24/7 Emergency Services
NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust Amreli



Dr. Shanu B. Kher
MBBS, M.S. (ENT)
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ
મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ
એન.સી.ટી કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી - ૩૬૫૬૦૧, ગુજરાત, ઇન્ડિયા.
ફોન : (૦૨૭૯૨) ૨૨૩૩૧૬, ૨૨૦૬૨૦

# દેવભૂમિ દેવળીયા ગામનાં સૌના શિવનાં મંદિરની પુરાતત્વ વિભાગની મુલાકાત



દેવભૂમિ દેવળીયા ગામનાં સેના શિવનાં મંદિર ખાતે વાવ અને પૌરાણિક મંદિરનું સર્વેક્ષણ માટે ગાંધીનગરથી ગ્રેસ એન.વર્કી અધિક્ષક પુરાતત્વવિદ્ સિધ્ધાબેન શાહ–રાજકોટ અધિક્ષક પુરાતત્વવિદ્ આદિત્યસિંઘ અધિક્ષક પુરાતત્વવિદ્ કચ્છ ભૂજ જયપાલસિંહ જાડેજા ટેક્નિકલ આસિસ્ટન્ટ કચ્છ ભૂજનાઓએ મુલાકાત રજેરજની વિગતો મેળવી હતી. તેમજ રામજી મંદિર ખાતે પૌરાણિક મૂર્તિ તેમજ નિલકંઠ મહાદેવ મંદિર ખાતે પણ મુલાકાત કરી હતી અને તમામ વિગતો સરકારને અહેવાલ તૈયાર કરી આપવામાં આવશે તેમ જણાવ્યું હતું. ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાનાં પ્રયત્નથી દેવભૂમિ દેવળીયા સૌના શિવનાં મંદિરનું કાર્ય આગળ વધી રહ્યું છે. તેમ ભાવના નાથાલાલ સુખડીયા સરપંચે જણાવેલ છે.

### તુલસીશ્યામ રેન્જ ખાંભાની કોઠારીયા રાઉન્ડ દ્વારા

## પાણીનાં નેરાઓમાં કરચલા પકડવાનાં ઈરાદે આવેલ ૩ વ્યકિત ઝડપાયા

**આરોપીને રૂપિયા ૨૧ હજારનો દંડ ફટકારવામાં આવ્યો**



અમરેલી તા. ૨૯

તુલસીશ્યામ રેન્જ ખાંભાની કોઠારીયા રાઉન્ડના સ્ટાફે અભ્યારણ્ય વિસ્તારમાંથી ગેરકાયદેસર અને પરવાનગી વગર પ્રવેશ કરી જંગલમાં આવેલ પાણીના નેરાઓમાં કરચલા પકડવાના ઈરાદે આવેલ સોનારીયા ગામના ત્રણ આરોપી ઝડપાયા હતા.

ગીર પૂર્વ વન વિભાગ ધારીના ડીસીએફ રાજદિપસિંહ ઝાલાની સૂચના મુજબ રાવલડેમ તથા તેમની આજુબાજુના પ્રતિબંધિત અભ્યારણ્ય જંગલના ભાગે સઘન પેટ્રોલિંગ કરવા અંગેના માર્ગદર્શન અન્વયે મદદનીશ વન સંરક્ષક, મનીષ ઓડેદરા તથા તુલસીશ્યામ રેન્જ ફોરેસ્ટ ઓફિસર રાજલબેન પાઠકના માર્ગદર્શન હેઠળ તુલસીશ્યામ રેન્જ ખાંભાની કોઠારીયા રાઉન્ડના સ્ટાફે અભ્યારણ્ય વિસ્તારમાંથી ગેરકાયદેસર અને પરવાનગી વગર પ્રવેશ કરી જંગલમાં આવેલ પાણીના નેરાઓમાં કરચલા પકડવાના ઈરાદે આવેલ સોનારીયા ગામના પ્રફુલ પાતાભાઈ બાંભણીયા, મહેશ બાબુભાઈ મકવાણા તથા અશ્વિન મધુભાઈ દાણાવાડીયા રહે.તમામ સોનારીયા વાળા ત્રણેય આરોપીઓને ભાવિનસિંહ સોલંકી (ફોરેસ્ટર), કનુભાઈ વાઘ (ફોરેસ્ટ ગાર્ડ) તથા લાલજીભાઈ વનમિત્ર અને ઈકબાલ સુમરાએ પ્રતિબંધિત અભ્યારણ્ય વિસ્તારમાંથી પકડી પાડી વન્યપ્રાણી અધિનિયમ – ૧૯૭૨, હેઠળની કલમ અન્વયે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહીકરતા ગુન્હા પેટે ૨૧,૦૦૦ નો દંડ વસુલ કરવામાં આવ્યો.

## સાવરકુંડલા ખાતે નાના ભૂલકાઓ દ્વારા ગણેશોત્સવ ઉજવાયો



સાવરકુંડલા, તા. ૨૯

ગણેશ ઉત્સવની સમગ્ર દેશમાં ભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી અને દેશ ભરમાં ધર્મમય માહોલ જોવા મળતો હતો. ત્યારે સાવરકુંડલા ખાતે પણ વિવિધ વિસ્તારોમાં ગણેશોત્સવનાં આયોજનો કરવામાં આવ્યા હતાં. ત્યારે સાવરકુંડલાનાં કૃષ્ણ પ્લોટ વિસ્તારની શેરી નં.૬ ખાતે નાના ભૂલકાઓ દ્વારા પણ ગણેશ મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. અહી નાના નાના ભૂલકાઓ દ્વારા ગણેશ સ્થાપન કરવામાં આવ્યું હતું અને દરરોજ ગણપતિ દાદાને વિવિધ શણગારથી સજી દર્શનો માટે ફલોટ ઊભા કરવામાં આવ્યાં હતાં. જેમાં ફુગ્ગા ડેકોરેશન, ચોકલેટ દર્શન, હિમાલય દર્શન, રાષ્ટ્રીય ભાવના પ્રગટ કરતા રાષ્ટ્રધ્વજથી સુશોભન દર્શન, લખપતિ ગણપતિ દર્શન, વિવિધ તોરણ દર્શન અને છેલ્લા દિવસે ગણપતિ દાદાને અન્નકોટનો મહાપ્રસાદ ધરાવી ગણપતિ દાદાને ભાવભરી વિદાય આપવામાં આવી હતી. અહીં વિવેક જાદવ, અક્ષ માળવી, ભવ્ય ગોહિલ, સંકેત વ્યાસ, અર્જુન ગોહિલ, કુ. ધાર્મિ જોગી, કુ. ઈશ્વા ટાંક વગેરે નાના ભૂલકાઓ દ્વારા દસ દિવસ સુધી ગણપતી બાપાના ભાવપૂર્વક પૂજા અર્ચના કરવામાં આવ્યાં હતાં.

### ૧૦–૧૫ દિવસ પહેલા બનેલ ઘટના પ્રકાશમાં આવી

## લાઠીનાં મતીરાળા ગામનાં ૬૦ ફૂટ ઊંડા કૂવામાં પડી જવાથી યુવકનું મોત થયું

**અમરેલીની ફાયર ટીમે મૃતદેહને બહાર કાઢયો**



અમરેલી, તા. ૨૯

લાઠી પોલીસ કંટ્રોલ રૂમ દ્વારા અમરેલી ફાયર કંટ્રોલ રૂમને ટેલીફોનિક જાણ કરવામાં આવી હતી કે લાઠી તાલુકાના મતીરાળા ગામે આવેલ એક વાડીમાં ૬૦ ફૂટ ઊંડા પાણી ભરેલા કુવામાં કોઈ અજાણી વ્યકિતની ૧૦–૧૫ દિવસ પહેલા પડી જવાના કારણે ડૂબી જવાથી તેમનું મોત નિપજેલ તેવી ઘટના બનેલ હોય. જેથી હાલ તેની ડેડ બોડી હાલમાં ઉપરની સપાટીએ આવેલ છે તેવી જાણ થતા જ અમરેલી ફાયર ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. તપાસ કરતાં નરેશભાઈ વેસ્તાભાઈ બીલવાલ (ઉ.વ. ૩૫) નો મૃતદેહ હોવાનું જાણવા મળેલ હોય. આ મૃતદેહ થોડા દિવસ અગાઉનો હોવાના કારણે તેની દુર્ગંધના કારણ નજીકમાં ઉભૂ પણ રહી શકાય તેમ ન હતુ. પરંતુ પોતાના ફરજના ભાગ અને કાર્ય પ્રણાલીને લીધે સમગ્ર સૌરાષ્ટ્રમાં નામના ધરાવતી અમરેલી ફાયર ટીમે કોઈપણ જાતની ચિંતા કર્યા વિના આ કાર્યને પાર પાડવા અને ડેડબોડીનું રેસ્કયુ કરી કુવામાંથી બહાર કાઢી તેમના પોસ્ટ મોર્ટમ અર્થે લાઠી પોલીસને સોંપી આપેલ હતી.

આ કામગીરીમાં ફાયર ફાયટર સ્ટાફના કૃષ્ણભાઈ ઓળકિયા, સવજીભાઈ ડાભી, જગદીશભાઈ ભુરિયા, ઋત્વિકભાઈ ભીમાણી, ચિરાગભાઈ સોની વિગેરે જોડાયા હતા.

## સા.કુંડલાનાં માનવમંદિર ખાતે પૂ. મોરારીબાપુનું આગમન થયું



સાવરકુંડલા, તા. ૨૯

સાવરકુંડલા માનવ મંદિર આશ્રમે આંતરરાષ્ટ્રીય કથાકાર અને માનવ મંદિરનાં ભકિત બાપુનાં મામાનાં દીકરા ભાઈ એવા પૂજય મોરારીબાપુનું આગમન ભકિતબાપુને મોટાભાઈ દીનુભાઈ, સાવરકુંડલાનાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, નગરપાલિકા ઉપપ્રમુખ પ્રતીક નાકરાણી અને સૂર્યકાંત ચૌહાણ તેમજ માનવ મંદિરનાં સમર્પિત ઈલાબેન ખાસ ઉપસ્થિત રહ્યાં અને પૂજય મોરારીબાપુ સાથે સવારનો નાસ્તો કરવાનો અવસર પ્રાપ્ત થયો.

માનવ મંદિર ખાતે પૂજય મોરારીબાપુનાં સગા ફઈ અને માનવમંદિર આશ્રમ અને ભકિત બાપુનાં માતૃશ્રીની સમાધીએ મોરારીબાપુએ વંદના કરી મોરારીબાપુએ માનવમંદિરની બહેનો સાથે વાતચીત કરી ગીતાનાં શ્લોક સાંભળ્યા અને અહીં આપવામાં આવતી સેવા અને દીકરીઓ વિશેની માહિતી મેળવી.

### ઝારેરા ગામનો યુવાન માતૃભુમિ કાજે શહિદ થતાં

## સા.કુંડલાનાં આંબરડી ખાતે પુષ્પાંજલિ અર્પણ કરાઈ

**મૌન પાળી શોકની લાગણી વ્યકત કરી**



અમરેલી, તા. ૨૯

દ્વારકા જિલ્લાનાં ભાણવડ તાલુકાનાં ઝારેરા ગામનો ખેડૂત પુત્ર દિલીપભાઈ સોલંકી જેવો સી.આર.પી.એફ.માં ઓરિસ્સા ખાતે ફરજ બજાવતા હતાં તે દરમિયાન શહીદ થયા છે. ગઈકાલે તેમની નીકળેલી અંતિમયાત્રામાં ગામનાં અનેક લોકો જોડાયા હતા અને સ્મશાન યાત્રા ભાણવડનાં ત્રિવેણી સંગમ ખાતે પહોંચી હતી. જયાં તેમના નરદેહને અગ્નિદાહ આપવામાં આવ્યો હતો. ઝારેરા ગામનો ખેડૂત પુત્ર દિલીપભાઈ સોલંકી સાત વર્ષ પહેલા સી.આર.પી.એફ.માં જોડાયા બાદ હાલ ઓરિસ્સામાં ફરજ બજાવતા હતા. દરમિયાન માતૃભૂમિની રક્ષા કાજે શહીદ થયાનો સંદેશો તેમનાં પરિવારને મળતા શોકની લાગણી પ્રસરી ગઈ હતી. શહીદ યુવાન અપરિણીત હતા. અને તેમનું સગપણ નક્કી કરી લેવામાં આવ્યું હતું અને ત્રણ માસ બાદ તેમનાં લગ્ન પણ નક્કી કરવામાં આવ્યાં હતાં. ત્યારે પહેલા જ શહીદ થતાં ભારે ગમગીની પ્રસરી જવા પામેલ છે. ત્યારે સાવરકુંડલાનાં આંબરડી ખાતે સમસ્ત સગર સમાજનાં યુવાનો ભુરાભાઈ ચુડાસમા, મથુરભાઈ, દિનેશભાઈ, ભગાભાઈ તેમજ ગામના સરપંચ પ્રેમજીભાઈ બગડા, ઉપસરપંચ મહેશભાઈ ચોડવાડીયા, માજી સરપંચ બાબુભાઈ માલાણી સહિત બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહી શહીદ જવાનને રાષ્ટ્રગાન સાથે બે મિનિટ મૌન પાળી પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

### જાગૃત્ત નાગરિકે મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો

## વાહનોમાં ગેરકાયદેસર લગાવાયેલ એલઈડી લાઈટોને હટાવવા માંગ થઈ

**રાત્રિનાં સમયે સામેનાં વાહનચાલકની આંખ અંજાઈ જાય છે**

સાવરકુંડલા, તા. ૨૯

સાવરકુંડલા તાલુકાના પિયાવા ગામના ચિરાગ વિનુભાઈ હિરપરાએ ગુજરાત સરકારના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને એક લેખિત રજૂઆતમાં જણાવ્યું હતું કે છેલ્લા કેટલાંક વર્ષોથી ટુ વ્હીલર, ફોર વ્હીલર અને કોમર્શિયલ વાહનોમાં કંપની ફિટિંગ સિવાયની અન્ય ગેરકાયદેસર અમાન્ય લાઈટો એલ.ઈ.ડી. લગાડેલી લાઈટો જોવા મળે છે. આ લાઈટોના પ્રકાશની તીવ્રતા વધારે હોય જેના કારણે રાત્રિ દરમિયાન વાહન ચલાવતાં વાહન ચાલકોની સામેવાળાની આંખો અંજાઈ જવાના કારણે રાત્રિના મોટાભાગના અકસ્માતો આવી લાઈટોના કારણે થતાં હોવાની શકયતા છે. માટે આ અંગે ટ્રાફિક નિયમોનો કડક અમલ થાય અને આવા વાહનોમાં લગાવેલ અમાન્ય લાઈટો દૂર કરવા માટે તંત્ર દ્વારા પગલા ભરવામાં આવે તેવી માંગ કરેલ છે.

### ધારી નજીક આવેલ

## ખીસરી ગામે મારી પરવાનગી વગર ગણપતિ વિસર્જન કેમ કરો છો મે કહી મહિલાને માર માર્યો

અમરેલી, તા. ૨૯

ધારી નજીક આવેલ ખીસરી ગામે રહેતા પારૂલબેન સંજયભાઈ સોલડીયા નામની ૩૦ વર્ષિય પરિણીતા તથા સાહેદોને તેજ ગામે રહેતા આરોપી શંભુભાઈ ભાણાભાઈ માળવીયા સહિત ૪ લોકોએ કહેલ કે મારી પરવાનગી વગર ગણપતિ વિસર્જન કેમ કરો છો ? અને ડી.જે. કેમ વગાડો છો ? તેમ કહી મહિલાને લોખંડનો પાઈપ મારી ઈજા કરી અન્ય લોકોને પણ છરી મારવા દોડી, ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

# સા.કુંડલા ખાતે સદ્ભાવનાગ્રૃપ દ્વારા ગણેશોત્સવમાં મહાઆરતી ઉતારાઈ



સાવરકુંડલામાં પ.પૂ. ઉષા મૈયાનાં આશીર્વાદથી ચાલતું સદ્ભાવનાં ગૃપ છેલ્લા ૨૧ વર્ષથી સેવાકીય પ્રવૃતિ કરી રહ્યું છે. તેનાં લાભાર્થી ૧૫ વર્ષથી સદ્ભાવના ગૃપ ગણેશ મહોત્સવનું આયોજન કરે છે. ગઈ રાત્રે પરમ પૂજય ઉષા મૈયાનાં તથા સાધુ સંતોનાં સાનિધ્યમાં દાદાને ચાલુ વરસાદે હજારો લોકો દ્વારા મહા આરતી ઉતારવામાં આવી. મહા આરતી દરમિયાન દર્શનાર્થીઓ દ્વારા ઘરેથી આરતીની થાળી તૈયાર કરી લાવેલ તેમને કુપન આપવામાંઆવેલ અનેઆ કુપનનો પરમ પૂજય ઉષામૈયાનાં હસ્તે લકકી ડ્રો દ્વારા વિજેતાને સોનાનો સિક્કો અર્પણ કરાયો હતો. તેમજ ૨૧૦૦ કિલો લાડુની પ્રસાદીનું વિતરણ કરવામાં આવ્યું. મહાઆરતીમાં પરમ પૂજય ઉષા મૈયા (શિવ દરબાર આશ્રમ કાનાતળાવ), નારણદાસ સાહેબ (કબીર ટેકરી), કરસનદાસ બાપુ (કુંડલપુર હનુમાનજી મંદિર), સાંસદ નારણભાઈ કાછડીયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, ડી.વાય. એસ.પી. વોરા, પી.આઈ. સોની તેમજ દાતાઓ હાજર રહ્યાં હતાં. મહાઆરતી પૂર્ણ થયા બાદ સાંસ્કૃતિક કાર્યક્રમ ત્યારબાદ શહેરનાં મુખ્યમાર્ગો પર દાદાની શાહી સવારી લાઈવ નાસિક ઢોલનાં સથવારે વિસર્જન શોભાયાત્રા નીકળી હતી. સદ્ભાવના ગૃપ દ્વારા તમામ દાતાઓ તેમજ મહા આરતીમાં આવેલ ભકતજનોનો આભાર વ્યકત કર્યો હતો.

## માર્ગ–મકાન વિભાગ (સ્ટેટ)નાં અધિકારીઓ કુંભકર્ણની નિંદ્રામાં

# અમરેલીનાં ગૌરવસમા ચિતલ રોડની હાલત અતિ દયનીય

**દર વર્ષે કરોડો રૂપિયાનાં ખર્ચ બાદ પણ મહત્વનાં માર્ગોની હાલત સારી જોવા મળતી નથી**

**નદીકાંઠે આવેલ સોમનાથ મંદિરથી કપોળ બોર્ડિંગ થઈને સરદાર સર્કલ અને બાદમાં ઠેબી જળાશય અને માચીયાળા બાયપાસ સુધી ભયાનક હાલત**

**ભ્રષ્ટ બાબુઓ મોંઘવારી વધતાં એજન્સી પાસેથી વધારે ટકાવારી પડાવીને તગડી કમાણી કરતાં હોવાની ફરિયાદ**



અમરેલી, તા. ૨૯

અમરેલી જિલ્લામાં સૌથી વધુ ભ્રષ્ટાચાર સરકારનાં કયાં વિભાગમાં કવરામાં આવે છે જો તેનું સર્વે થાય તો તેમાં માર્ગ–મકાન (સ્ટેટ) અને પંચાયત વિભાગનો ટોપ પાંચમાં સમાવેશ થાય તેમાં કોઈ જ શંકા જ નથી. કારણ કે દર વર્ષે બન્ને વિભાગમાં માર્ગ અને મકાન માટે ૫૦૦ કરોડથી વધારે રકમ આવતી હોય છે અને તેમાં કચેરીનાં વર્ગ–૪ થી લઈને વર્ગ–૧ સુધીનાં મોટાભાગનાં કર્મીઓને ટકાવારી મળતી હોવાનું હવે જગ જાહેર બન્યું છે.

માર્ગ–મકાન વિભાગમાં ચાલતાં ભ્રષ્ટાચારને દૂર કરવાનું મુશ્કેલ એટલે છે કે જિલ્લાનાં નાના–મોટા પદાધિકારીઓનાં પણ પેટ તેમાંથી ભરાતા હોય છે અને બાંધકામ એજન્સી પણ ૩૦ ટકા નફો કરીને ૧૫ ટકા રકમ ભ્રષ્ટાચારીઓનાં ઘર ભરવા ખર્ચતી હોય છે.

જનતા જનાર્દન પેટે પાટા બાંધીને સરકારી કરવેરા ભરે અને તે નાણાનો સદઉપયોગ થવાને બદલે ભ્રષ્ટાચારીઓ તેમાંથી પોતાના ઘરની તિજોરી ભરી લેતા હોવાથી નિયમાનુસારનો માર્ગ–પુલ કે સરકાર મકાનો બનતા નથી.

ભય, ભૂખ અને ભ્રષ્ટાચાર દૂર કરવાની વાત કરતી સરકારે કયાં ભય દૂર કર્યો, કોની ભૂખ મિટાવી અને કયાં વિભાગમાંથી ભ્રષ્ટાચાર દૂર કર્યો તેની દર વર્ષે યાદી જાહેર કરવી જોઈએ.

અમરેલીનાં ગૌરવસમા માર્ગ ચિતલ રોડની હાલત છેલ્લા ૨ વર્ષથી અતિ ભયજનક બની છે. ખાડા–ખુબડનાં કારણે વાહનચાલકોને ભારે પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે.

નદીકાંઠે આવેલ સોમનાથ મંદિરથી ગર્લ્સ હાઈસ્કૂલ, સરદાર સર્કલ, ઠેબી જળાશયની ગળાઈથી લઈને નાના માચીયાળા સુધીનાં માર્ગની હાલત દયનીય બની છે. સરકીટ હાઉસ નજીકનાં માર્ગ પર હાર્ટ પેશન્ટ વ્યકિતને વાહન ચલાવીને જવું મુશ્કેલ થઈ રહ્યું છે.

આશ્ચર્યજનક બાબત એ છે કે, આ માર્ગ પરથી મહત્વનાં પદાધિકારીઓ અને અધિકારીઓ પસાર થતાં હોય છે. પરંતુ તેઓ સરકારી "ઈનોવા" કારમાં હોવાથી તેઓને બિસ્માર માર્ગનો અનુભવ થતો નથી પરંતુ ટુ–વ્હીલર ચલાવીને પસાર થનારનાં હૃદયનાં ધબકારા વધી જતાં હોય છે.

## શેત્રુંજી વન્ય જીવ વિભાગ દ્વારા કાર્યવાહી

# લીલીયા વન્ય જીવ રેન્જમાં સિંહની પજવણી કરનાર ૪ વ્યકિત સામે કાર્યવાહી

**વન્ય પ્રાણી સરંક્ષણ અધિનિયમ મુજબ કાર્યવાહી**



અમરેલી, તા. ૨૯

શેત્રુંજી વન્યજીવ વિભાગ–પાલીતાણાના માર્ગદર્શન હેઠળ લીલીયા વન્યજીવ રેન્જમાં લીલીયા રાઉન્ડના નાના લીલીયા ચોકડીથી ક્રાંકચ જતા ડાબી બાજુ રીઝર્વ ફોરેસ્ટની બાજુમાં આવેલ રેવન્યુ વિસ્તારમાં સિંહને પજવણી કરતા અને મદદગારી કરતા ઈસમ રવિભાઈ વિનુભાઈ બલોલીયા, સાગરભાઈ માધાભાઈ, લોઢણીયા, કિશનભાઈ ભુપતભાઈ લોઢીયા, મોહીનભાઈ બધુમીયા સૈયદ રહે તમામ નાના લીલીયા વાળાને વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ (સુધારા અધિનિયમ) ની કલમ – ૨,૨(૧૬), ૨(૩૬), ૨(૩૭), ૯,૫૦,૫૧,૫૨ મુજબ ગુન્હો નોંધી ફર્સ્ટકલાસ મેજીસ્ટ્રેટ લીલીયા સમક્ષ રજુ કરવામાં આવેલ હતા.

# બગસરા ડેપો મેનેજરનાં જાદુથી ત્રણ દિવસથી વિંછીયા–અમરેલી રૂટની એસ.ટી. ગુમ

અમરેલી, તા. ૨૯

વિંછીયાથી વહેલી સવારે પાંચ વાગ્યે ઉપડી ૫:૪૫ કલાકે જસદણ આવતી બગસરા ડેપોની અમરેલી રૂટની એસ.ટી. બુધ, ગુરૂ, શુક્ર એમ ત્રણ દિવસથી બગસરા ડેપો મેનેજર અને અમરેલી ડેપોના ડીસીના કારણે આ રૂટ બંધ કરવામાં આવતાં આ અંગે જસદણના સામાજિક કાર્યકર અમરશી રાઠોડે આ બસ રૂટને નિયમિત કરવામાં નહી આવે તો આંદોલનની ચિમકી આપી હતી.

પ્રાપ્ત વિગત મુજબ જસદણથી વર્ષોથી વહેલી સવારે અમરેલી તરફ જતી એસ.ટી. છેલ્લા એક મહિનામાં દસ વખત તો જસદણમાં કોઈ પેસેન્જરને ન દેખાતા જસદણ, આટકોટ, બાબરા, ચિત્તલ, કોટડાપીઠા, લુણકી, માચિયાળા, ઊંટવડ જેવાં અનેક ગામોના વિધાર્થીઓ અને પ્રવાસીઓ છેલ્લા ત્રણ દિવસથી અમરેલી સમયસર ન પહોંચી શકતા હોવાથી તેમની વ્હારે જસદણના સામાજિક કાર્યકર અમરશી રાઠોડ ચડયા હતા.

આ અંગે અમરશીભાઈએ જણાવ્યું હતું કે જસદણથી અમરેલી રૂટ વર્ષોથી ચાલે છે. બગસરા ડેપોની આ બસ એ થોડા સમયથી આ રૂટ વિંછિયા સુધી લંબાવી સવારે પાંચ વાગ્યે વિંછિયાથી ઉપડી જસદણ, આટકોટ, બાબરા, ચિત્તલ થઈ અમરેલી અને ત્યાંથી બગસરા અને બગસરાથી રાજકોટ સાંજે રાજકોટથી આ બસ વિંછિયા આવી રાત્રિ રોકાણ કરી સવારે અમરેલી જાય છે. પણ ખાટલે મોટી ખોટ એ છે કે બગસરા ડેપોના મેનેજર અને અમરેલી ડેપોના ડીસીની અણઆવડતના કારણે આ બસ એક મહિનામાં દસ દિવસ બંધ રહેતી હોવાથી આ રૂટમાં આવતાં દસ જેટલાં ગામોના વિધાર્થીઓ અને પ્રવાસીઓ હેરાન થાય છે. જો આ રૂટ આગામી દિવસોમાં નિયમિત કરવામાં નહી આવે તો અમારે ના છુટકે ગાંધી ચિંધ્યા માર્ગે જવાની ફરજ પડશે. એમ સામાજિક કાર્યકર અમરશીભાઈ રાઠોડે અંતમાં જણાવ્યું હતું.


તક ને તેડા ના હોય...
૫ વસ્તુનો બાથરૂમ સેટ
■ડોલ (૨૫ લી.) ■પાટલો ■ ટમ્બલર
■સોપ હોલ્ડર ■ બ્રસ હોલ્ડર
માત્ર રૂા. ૩૫૦/–માં
નવા વર્ષના પંચાગ આવી ગયેલ છે.
છુટક તથા હોલસેલ મેળવવા માટે સંપર્ક કરો
ગજાનન ન્યુઝ એજન્સી
રાજકમલ ચોક, નગરપાલીકા નીચે ફોન :૨૨૦૦૦૬

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

મકાન વેચવાનું છે
જેમાં ત્રણ બેડરૂમ, હોલ, કિચન, મોટી બાલ્કની, પાણી માટે દાર તેમજ જરૂરી ફર્નિચર સાથેનું તમામ સગવડતાવાળુ કોર્નરનું મકાન વેચવાનું છે.
હનુમાનપરા રોડ, રણુજાધામ સોસાયટી-૧, અમરેલી.
સંપર્ક : ૯૭૧૪૧ ૧૧૧૫૩

HONDA The Power of Dreams
સપના કરશે સાકાર...
Shine 100cc
કિંમત રૂા. 64,900/-* થી શરૂ
સૌથી સસ્તુ બાઈક
સાથે ISI માર્કાવાળુ ફ્રી હેલ્મેટ તદ્દન મફત
3+3 years warranty
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૨૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
અન્ય જગ્યાએથી લીધેલા કે જુના કાનના મશીન ઉપર ખાસ Exchange ઓફરની સુવિધા
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

■ કાર ■ બાઈક ■ ટ્રેકટર ■ ટ્રક ■ બસ
ટાયર-ટ્યુબ, ઓઈલ-ગ્રીસ, વ્હીલ-પ્લેટ-ધરા, જેક-ફીલ્ટર, ટુલ્સના હોલસેલ તેમજ રીટેઈલ
સંજય ટાયર્સ બસ સ્ટેશન રોડ, અમરેલી.
સંજય ટ્રેડ લીંક ટોયોટા શો-રૂમ પાસે, લાઠી બાયપાસ રોડ, અમરેલી.

ગણેશ મહોત્સવ નિમિત્તે...
ડ્રાયફ્રુટથી ભરપુર શુધ્ધ ઘી માં બનેલ ચુરમાના સ્પે.લાડુ
મગજના લાડુ
મગીયા લાડુ
શહેરનું એકમાત્ર સ્થળ...
શિવ ફરસાણ માર્ટ ભીડભંજન ચોક અમરેલી
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨

"શ્રી વલ્લભ" Navnit
MARUTI SUZUKI ARENA
મારૂતિ સુઝુકી શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
EECO
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો–રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

Hero
Go BIG Go XOOM
LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

YAMAHA RACING
॥ વંદે માતરમ્ ॥
FZS
lord of the streets
યામાહાનું અત્યાધુનિક સ્કુટર અને બાઈક
NOW WITH CONNECT
Side Stand Engine cut-off Switch
Light Weight 135kg
3D Emblem
Durable 149cc fuel injection Engine
Two-level Single Piece Seat
- ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

# વાર્તા–વૈભવ

## પોટલું

**– આરતીબેન સંતોષ**



**આરતીબેન સંતોષ**

**પરિચય :**

ગુજરાતી, મરાઠી, હિન્દી ભાષાના ઉત્તમ લેખિકા, મોટેભાગે ભાષાંતર કે ભાવાનુવાદમાં હોય છે. અંગ્રેજીમાં પણ અનુવાદ કરે છે.

પુસ્તક સંપાદક તરીકે નામ છે, મરાઠી સામયિકમાં પણ સંપાદન કરેલ છે. બાળસાહિત્યનું સંપાદન વર્ષોથી કરે છે અને ઉડીને આંખે વળગે એવું કામ તો બાળસાહિત્ય અકાદમી આંખે વળગે એવું કામ તો બાળ સાહિત્ય અકાદમી ગુજરાતીના સંનિષ્ઠ કાર્યકર છે. મો. ૯૮૨૫૪ ૯૩૫૫૮

**: પોટલું :**

મરાઠી લેખક એન ચિત્રકાર તરીકે વ્યંકટેશ માડગુળ કર ખુબ પ્રસિદ્ધ છે. એમણે વાર્તાઓ, નવલકથાઓ, પ્રવાસવર્ણનો ઉપરાંત સિનેમા માટે પટકથાઓ લખી છે. એમને શિકારની શોખ હોઈ જંગલમાં ફરવા ગયેલ તેને આધારે પણ અનુભવકથાઓ લખી છે. બનગરવાડી નામની એમની કૃતિથી બધાં પરિચિત છીએ. ૩૦ વર્ષ આકાશવાણીની નોકરી કરી. તેમનું લખાણ વાસ્તવવાદી રહયું છે. માણીએ એમની એવી જ એક વાસ્તવવાદી કથા.

બીમાર કાગડા જેવો બળ દેવો પીંજારો ભૈરવનાં મંદિરનાં પગથિયા પર બેસે છે. ઉભડક બેસીને બાકીનું શરીર હાથનાં પંજાથી ઘુંટણે બાંધી રાખે છે. ધુળભર્યા વાળ, વધેલા દાઢી અને મૂછ, આંખોમાં શૂન્યતા, શરીર પર મેલું ફાટેલું ખમીસ, નીચે ધોતિયું. આ વેશમાં બટકો લાગતો બળદેવો છેલ્લા વીસ વરસથી બધુ ખોઈને બેસી રહે છે. આ જ એની બેઠક. બીજે કયાંય સાંજે સુધરાઈનાં ફાનસ ાપેટાવવા દાઢ ીવાળો કરી મબક્ષ કાખમાં સીડી દબાવતો પિંજારાવાસમાં આવે, એને ય બળદેવો દેખાય. રાત્રે અગિયાર વાગે ચોકીદાર રોન મારે ત્યારે ય બળદેવો ત્યાં જ બેઠો હોય. તડકો, વરસાદ, ઠંડી કંઈ પણ હોય, બળદેવોની બેઠક એ જ.

દિવસનાં કયારેક ઘુંટણેથી હાથ છોડીને જમણો હાથ માથું ખંજવાળ ે, કયારેક ડાબો હાથ માથે ટપલી દેતો હોય. કયારેક ધુન ચઢે તો પગથિયા છોડીા સામેની તરફ ચાલવા માંડે. ચાલતી વખતે બંને હાથ છાતીએ વળગોલા હોય. આંગળીઓ કંઈક ફંફોસતી હોય. આઠ – દસ ડગાલાં તેજીથી ચાલે પછી ધીમો પડે એમ ચાલ્યે રાખે.

વર્ષે એકાદ વાર દશેરા આવવાનાં હોય ત્યારે સવારે તળાવે જતો ઝીલિયો બળદેવા પાસે રોકાય. આજુબાજુ કોઈ જોતું નથી એમ જોઈને ધીમેથી ગણગણે આજે બપોરે કયાંય જતો નહી. બાઈએ ખાવા બોલાયો છે.

બળદેવ મંદિરનાં ચોતરે જઈ ચાર ડોલ પાણી રેડીને નાહી લે.ભીનો ભીનો જ પગથિયે બેસી જાય. ભીનું ધોતિયું. શરીર પર જ સુકાય. બપોરનાં બારેક વાગે ઝીલીયો નવાં કપડા લઈને આવે એટલે દાદર પર જ બળ દેવો બદલી લે.નવા સાફે માથું ઢાંકે, નવું કપડુ સીડી પગયિયાં પર બિછાવીને ઝીલિયો એની પર જુનું પોટલું મુકે. ચારે બાજુથી લપેટીને ગાંઠ મારીને નવું કરે.

''આવું' કહીને બળદેવે કાઢેલા લુગડાં એકઠાં કરીને તળાવે જઈને કપડાં પાણીમાં નાખી દે. અને હાથ–પગ ધોઈને પાછો આવે. પછી બળદેવોને લઈને વાડા પર જાય.

વરંડામાં જ પાતળા પીરસાય છે. ખીર, પુરી, ભાત, દાળ, જમણવાર જાણે ! ઝીલિયો જ પીરસણ લઈને આવે છે. એને વરંડામાં મુકી દે છે.બેસવા માટે પટો પાથરેલ છે.

બળદેવો ખાતો રહે છે. સૈલી પાંચ મિનિટ માટે બહાર આવીને બેસે છે. એની તબિયત ઠીક નથી. ગોરી સલી હવે ધોળીધફ દેખાય છે. જરિયાન પીળી સાડી એણે પહેરી છે. જરીકિનારનું બ્લાઉઝ પહેરેલું. માથે ઓઢયું છે. કટિબંધ જમણે, પગમાં ભારે વીંછિયા, ગળામાં પણ એકાદ અંલકાર છે. ઓળેલા વાળમાં કેવડો કે ગુલાબનું ફુલ હોય, હીનાની સુવાસ ચારે કોર.

પાંચ મિનિટ બહાર બેસીને બળદેવોને ખાણું ખાતો જુએ છે પછી આખરી કોળિયા સાથે ઉઠીને નજર ફેરવી અંદર ચાલી જાય છે.

એ દિવસે સૈલી દિવસભર ગુમસુમ, મૌન રહે છે. ખાલી ખાલી એક જગાએ સતત જોયા કરે છે. ખાવા પીવાનું મન થતું નથી. રાત્રે પથારીમાં કયાંય સુધી જાગતી પડી રહે છે. ઝીલિયો પગ દબાવે છે, સ્નેહથી પુછે છે,'' શું થયું માલકિન?''

તલખલું ઝટકતી હોય તેમ સૈલી બોલે છે. ''ચૂપ રહે.... કંઈ ના પૂછ.''

મુંબઈના શેઠથી થયેલી સેલીની એક માત્ર દીકરી હવે મોટી થઈ ગઈ છે.શાળામાં જાય છે. નૃત્ય પણ શીખે છે. ખાવા માટે બળદેવો ઘરે આવે તો ડોક નચાવતી માને પુછી લે છે, ''મા, આ પાગલને આજે કેમ જમાડે છે ?'' સૈલીનો ચહેરો પડી જાય છે. ધીમેથી કહે છે, 'અરે, કોઈ એને નથી જમાડતું, એટલે.''

ઝીલિયો બેબીને એકાંતમાં ખખડાવે છે, ''આવું ન પુછ, ફરી પુછીશ તો મારે પડશે. ''શરીર પર નવાં કપડા અને કોરા કપડામાં બાંધેલ હોઈ નવું દેખાતું પોટલું લઈને બળદેવો હંમેશની માફક ફરી પગથિયા પર જઈને બેસે છે.

સૈલી સુકાતી જાય છે એ દવાદારૂ કરાવતી નથી. ડોકટરોએ કહયું છે કે બધાં દાંત કઢાવવા પડશે. પછી તબિયત સારી થઈ જશે. દાંત કઢ ાવવાની ના પાડી સૈલી ઘરે આવી ઝીલિયાને કહે છે. ''આનાથી તો મરી જવું બહેતર છે.''

ગયા વર્ષનો દશેરા એમ જ જતો રહયો. બળદેવાને બોલાવવા કોઈ ના આવ્યું, વાડામાં તહેવાર મનાવાયો જ નહી. સાંજનાં સમયે વાડામાં કંઈક અવાજ સંભળાયો.અડધી રાત્રે રડવા – કકળવાનો અવાજ આવ્યો.

બે દિવસ પછી ઝીલિયો બળદેવા પાસે બપોરે આવ્યો. પાસે બેસી ગયો અને કહયું, ''સાંભળ્યું તે, માલિકન જતી રહી ?''

કલાક બે કલાક બંને બેસી રહયા. પછી બળદેવો ઉભો થઈ ગયો.પોટલું ખભે રાખીને ચાલવા માંડયો. 'કયાં ઉપડયો? '' કહેતોક ઝીલિયો એની પાછળ ગયોા.

તળાવનાં કિનારે બંને આગળ પાછળ જઈ રહયા હતા. એક બાજું પડેલા ભૂંડા બરાડી ઉઠયાં, ઝાડીઓની વચ્ચેની પગદંડી પર દુર સુધી ગયા પછી બળદેવાએ પોતાનું પોટલું ઝીલિયાને આપતાં કહયું, ''આને સંભાળજે.''

''તું કયાં જાય છે?''

આકાશ તરફ જોઈને બળ દેવાએ કહયું, ''સ્ત્રી પાસે.''

''પાગલ, એ શું તારી રાહ જોતી હશે આટલા વર્ષોથી ? ખબર પણ છે કે કયે ગામ છે ?''

બળદેવાએ ''હા'' કહી અને ઝીલિયા તરફ પીઠ કરીને આગળ ચાલવા લાગ્યો.

ઝીલિયો ચૂપચાપ પાછો ફર્યો. ઉપર – નીચે જોતો તળાવ સુધી આવ્યો. તળાવનાં કિનારે પોટલું લઈ એ ઉભો રહયો. લીલા–ભૂરા તળાવ પર તડકો પડી રહયો હતો. લીમડાનાં પાન પાણી પર આમતેમ તરી રહયાં હતાં. દેડકાં આંખો ફાડી જોઈ રહયાં હતા.

ઝીલિયાએ વિચાર્યુ કે પોટલુંા તળાવમાં નાખી દેવું. પછી અહીં – તહી જોઈ કિનારે બેસી ગયો અને પોટલું ખોલ્યું.ગાંઠો પર ગાંઠો ખુલતી ગાઈ. ફંફોસતાં જોયું તો કંઈ નહોતું. જુના સાડેલા ચીંથરા, માત્ર ચીંથરા હતાં !

કૃષ્ણાનંદ, ૫૮, સેકટર–૩, નિર્ણયનગર, એ.ડી.સી.બેંક સામે, અમદાવાદ–૩૮૨૪૮૧

**વાર્તાકાર મિત્રોને પોતાની ટૂંકી વાર્તા, ટૂંકો પરિચય તથા પાસપોર્ટ ફોટા સંપાદકને મોકલી આપે તેવી વિનંતી – સંપાદક : રવજીભાઇ કાચા.**

# બાલ એકસપ્રેસ

- ઉખાણા
- બાળવાર્તા
- જોડકણા
- બાલગીત
- જોકસ

સંપાદક : રવજીભાઈ કાચા-અમરેલી

## અમરેલીનાં ધાર્મિક સ્થળો

### ભાતીગળ સૌરાષ્ટ્ર


ભાતીગળ સૌરાષ્ટ્રનું ધબકતું હૃદય એટલે અમરેલી આ નગરની વિવિધતામાં એકતાનાં પાયામાં આ શહેરનાં મંદિરો, દેવળો, દેરાસરો, મસ્જિદ, ઉપાશ્રય, ચોરાઓ વગેરેનો સિંહફાળો છે.

આ બધાં જ ધાર્મિક સ્થળો એટલે લોકોની આસ્થાનાં આધાર સ્થંભો છે. આ ધાર્મિક સ્થળોનાં માદયમથી અહીનું ધાર્મિક, સામાજિક, માનવસેવા, જનજાગૃતિ, જીવદયા અને રાષ્ટ્રીય ઐકયનું કાર્ય પણ સારૂ થાય છે. ધર્મની ધજા સદા ફરકતી રહે છે.

અમરેલીમાં સવાસો ઉપરાંત ધાર્મિક સ્થળો છે. આ દરેક સ્થળ સાથે લોકલાગણી, શ્રદ્ધા, ભકિતનાં દર્શન થાય છે. આમ આ બંધા પવિત્ર સ્થળો એટલે અમરેલીની સંસ્કૃતિની કરોડરજજુ. અમરેલીમાં આવેલી દરેક જગ્યાઓનો ભવ્ય ભૂતકાળ અને ઈતિહાસ પણ છે. શ્રદ્ધાનાં આ કેન્દ્રોમાંથી પ્રેરણા અને જીવન જીવવાનું બળ અને પાથેવાા–શાંતિ અને સમજણ પણ મળે છે.

આ નગરનાં કેટલાકં જાહેર ધાર્મિક સ્થળોની યાદી અહી આપી છે.

(આ યાદીમાં દર્શાવેલ પ્રત્યેક ધાર્મિક સ્થળની ટુંકી વિગત નિયત નમૂનામાં મેળવેલી છે. સંપર્ક – સ્વામી વિવેકાનંદ વિદ્યાભારતી ટ્રસ્ટ, રૂપાયતન શ્રી ગાયત્રી શકિતપીઠ પાસે, અમરેલી)



(સંકલન : નટુભાઈ ભટ્ટ )

૧– નાગનાથ મહાદેવનું મંદિર
૨.– રામજી મંદિર – સરકારવાડા
૩– સત્યનારાયણ મંદિર – માણેકપરા શેરી નં–૨, મેઈન રોડ,
૪– બહુચરાજી માતાજીનું મંદિર – કંસારા શેરી, ટાવર પાસે,
૫– શિતળા માતાજીનું મંદિર – ઠેબી ડેમ પાસે
૬– ગોવર્ધન નાથજીની હવેલી – કેરિયા રોડ, પટેલ બોર્ડિંગ સામે
૭– બીએપીએસ સ્વામિનારાયણ મંદિર – માણેકપરા
૮– કામનાથ મહાદેવનું મંદિર – જેશીંગપરા પૂલ પાસે
૯– તપોવન મંદિર – ચિતલ રોડ, એરપોર્ટની સામે
૧૦ – સુર્યમુખી હનુમાનજીની દેરી – મોટર ગેરેજ, ચિતલ રોડ, પોલિસ હેડ કવાર્ટર પાસે
૧૧– હઠીલા હનુમાનજીની દોરી – મોટરગેરેજ, સરદાર ચોક, ચિતલ રોડ
૧૨– ખાખી હનુમાનજી દેરી – મણિનગર નજીક, ગાયત્રી મંદિર રોડ,
૧૩– શિતળા માતાજીનું મંદિર– જેશીંગપરામાં નદી પાસે
૧૪– સતીયા–જશોદામાનું મંદિર – નદી કાંઠે, સામુદ્રી માતાનાં મંદિર પાછળ, મોક્ષધામ માર્ગ.
૧૫– ચંદ્રમુખી હનુમાનજીનુ મંદિર– સરકારવાડા, રામજી મંદિર પાસે,
૧૬– સંતોષી માતાજીનું મંદિર– બહારપરા રોડ, ડેમ તરફ
૧૭– સંતોષી માતાજીનું મંદિર – વસાણી રોડ, બહારપરા
૧૮– સાર્વજનિક હનુમાનજીનું મંદિર – મીર સાહેબની ગલ્લી
૧૯– સુખનાથ મહાદેવનું મંદિર– લીલિયા રોડ, ચોક
૨૦– પૂ.સંત મુળદાસ સ્વામીની છત્રી – નાગનાથ ચોક
૨૧– સંકટ મોચન કવિ ભકતરાજ હનુમાનજીની દેરી, નાગનાથ મંદિર પાછળ
૨૨– પૂ. ભોજલરામ બાપાની મઢુલી – નાગનાથ મંદિર પાસે
૨૩– બહુચરાજી માતાજીનું જુનુ મંદિર – હરી રોડ, કન્યા શાળા સામે
૨૪– આઈશ્રી ખોડિયાર માતાજીનું મંદિર – માઉન્ટેડ યુનિટ, પોલિસ હેડ કવાર્ટરમાં
૨૫– કાશી વિશ્વનાથ મહાદેવનું મંદિર– જેશીંગપરા, નદી પાસે.
૨૬– વૈજનાથ મહાદેવનું મંદિર– ચોરાપા– વૈજનાથ શેરી
૨૭– અ.પૂ.સ્વામિનારાયણ મંદિર– પ્રમુખ વાટીકા, સંસ્કારધામ, તારવાડીનાં ટાંકા પાસે
૨૮– સિધ્ધેશ્વર મહાદેવનું મંદિર – ગાયત્રી શકિતપીઠ પાસે
૨૯– ખેતલિયા દાદાનું મંદિર– જીવાપરા, રૂપમ ટોકિઝ પાસે
૩૦– રણછોડરાયજીનું મંદિર – સવજીપરા, નાના બસ સ્ટેન્ડ પાસે


## આઠ પાપોનો ઘડો

એકવાર કવિ કાલિદાસ બજારમાં ફરવા નીકળ્યા. એક સ્ત્રી ઘડો અને પ્યાલીઓ લઈને બેઠી હતી ગ્રાહકોની રાહ જોઈને. કવિરાજને કુતૂહલ થયું કે આ સ્ત્રી શું વેચતી હશે ! પાસે જઈને પુછયું.

''બહેન ! તું શું વેચે છે ?''

''હું પાપ વેચુ છું. હું પોતે જ લોકોને કહુ છું કે મારી પાસે પાપ છે. મરજી હોય તો લ્યો, તેમ છતાં લોકો જાણી જોઈને પાપ લઈ જાય છે.'' સ્ત્રીએ કંઈક વિચિત્ર વાત કહી. કાલિદાસ મૂંઝવણમાં પડી ગયા. પુછયું :–

''ઘડામાં તે કંઈ પાપ હોતું હશે ?''





''હા... હા..... હોય છે, જરૂર હોય છે. જુઓ, મારા ઘડામાં આઠ પાપ ભરેલા છે : બુદ્ધિનાથ, પાગલપણું, લડાઈ – ઝગડા, બેહોશી, વિવેકનો નાશ, સદગુણનો નાશ, સુખોનાં અંત અને નરકમાં લઈ જનાર તમામ દુષ્કૃત્યો.''

અરે બહેન ! આટલા બધા પાપ ગણાવે છે તો ખરેખર છે શું તારા ઘડામાં ? સ્પષ્ટતા કર તો કંઈ સમજ પડે.'' કાલિદાસની ઉત્સુકતા વધી રહી હતી.

પેલી સ્ત્રીએ કહયું : 'દારૂ ! દારૂ!! દારૂ!!! આ દારૂ જ એ બધાં પાપોની જનેતા છે. જે દારૂ પીએ છે એ આ આઠ પાપોનો શિકાર થાય છે.'' કાલિદાસ એ સ્ત્રીનાં ચાતુર્ય પર ખુશ થઈ ગયા.

## પંખીને પાંખો મળી

**– પ્રકાશ ડી. કુબાવત**

ધણા સમય પહેલાની વાત છે. તે સમયે પક્ષીઓને પાંખો ન હતી. જંગલમાં જંગલી જાનવરોનો પાર ન હતો સિંહ, દિપડો, ચિતો વગેરે જંગલી પ્રાણીઓ ભેંસ, હરણ, નિલગાય વગેરેનો શિકાર કરતા.

શિયાળ, ઝરખ વગેરે નાના–નાના પ્રાણીઓ પણ બહુ હુષ્ટપુષ્ટ હતા. કારણ કે તેઓ સરળ તાથી પક્ષીઓનો શિકાર કરી લેતા હતા.

એક વખત મોરે બધા પક્ષીઓની સભા બોલાવી. સભામાં ગીધ,સમડી, શાહમૃાગ, કિવી, ઈમુ, કોયલ, કબૂતર, હોલો વગેરે પક્ષીઓ આવ્યા.

સભાને સંબોધન કરતા મોરે કહયું કે, ''જંગલી પ્રાણીઓ આપણો સરળતાથી શિકાર કરી લે છે. સિંહ, વાઘ વગેરે જંગલી, પ્રાણીઓને ભગવાને મજબુત નખ અને દાંત આપેલ છે. જેનાંથી તે સરળતાથી શિકાર કરી શકે છે.

જયારે હરણ, શાબર, ભેંસ, ચોર્સીગો વગેરે પ્રાણીઓને ભગવાને મજબૂત શિંગડા આપ્યા છે. જેથી તે તેનું રક્ષણ કરી શકે છે.

આપણને ભગવાને નથી શિંગડા આપ્યા કે નથી આપ્યા તિક્ષણ નહોર, ભગવાને આપણને ખુબ અન્યાય કરેલ છે. આપણે ભગવાનને રિઝવવા પડશે. આપણે ભગવાનને કહીશું કે, 'અમને પણ એક એવું અંગ આપો કે અમે પણ સરળતાથી અમારૂં રક્ષણ કરી શકીએ.''

માટે આપણે બધાએ કાલથી આ ઉંચી જગ્યાએ ભગવાનને પ્રસન્ન કરવા અન્ન જળનો ત્યાગ કરીને બેસવાનું છો. સાચા હૃદયથી કરેલી પ્રાર્થના કયારેય નિષ્ફળ જતી નથી. માટે આપણે બધા કાલે અહીં મળીશું અને ભગવાનને પ્રાર્થના કરતા રહીશું. ભગવાન જયાં સુધી આપણી પ્રાર્થના ન સાંભળે ત્યાં સુધી આપણે પ્રાર્થના ચાલુ જ રાખીશું.'' બધાને મોરની વાત પસંદ પડી. ફકત શાહમૃગ, કિવી અને ઈમુને આ વાત ન ગમી..

સભા પુરી થતા બધા પક્ષીઓ ચાલ્યા ગયા. સભાનાં સ્થળે ફકત શાહમૃગ, કિવી અને ઈમુ જ રહયા. શાહમૃગે કહયું કે, ''ભગવાન પ્રસન્ન થાય તેવું મને લાગતુ નથી. કદાચ પ્રસન્ન થાય તોપણ સમય લાગે. મને તો એક દિવસ પણ ખાધા–પીધા વિના ચાલે નહી.''


કિવી અને ઈમુએ પણ આ વાતમાં સૂર પુરાવ્યો. તે કહે અમારી પણ આજ સ્થિતિ છે. અમને પણ ખાધા વિના એક ટક પણ ચાલે નહી. વળી ભગવાન કંઈ એમ પ્રસન્ન થતા હશે !''

ત્રણેયે નકકી કર્યુ કે, ''કાલે આપણે પ્રાર્થના સભામાં જોડાવું નથી.''

આ બાજુ બધા પક્ષીઓ સાચા હૃદયથી ભગવાનની પ્રાર્થના કરવા લાગ્યા. સાચા હૃદયથી કરેલ પ્રાર્થના કયારેય નિષ્ફળ જતી નથી. બે દિવસમાં જ ભગવાન પ્રસન્ન થયા.

ભગવાનને જોઈને બધા પક્ષીઓ આનંદવિભોર થઈ ગયા. ભગવાને હસતા મુખે કહયું કે, ''તમે શા માટે મને યાદ કરતા હતા ? તમને શું મુસીબત છે?''

બધા પક્ષી વતી મોરે કહયું



કે, 'પ્રભુ અમે અમારૂ રક્ષણ કરી શકતા નથી. તમે માંસાહારી પ્રાણીઓને તિક્ષણ નખ આપ્યા, શાકાહારી પ્રાણીઓને શિંગડા આપ્યા પણ તમે અમને કશું આપ્યુ નહિ. અમે અમારૂં રક્ષણ કરી શકતા નથી. અમે અમારૂં રક્ષણ કરી શકીએ એવું એક અંગ આપો.''

ભગવાને થોડી વાર વિચાર્યુ. પછી કહયું કે, 'તમારી વાત સાચી છે. હું તમને ,પણ એક એવું અંગ આપુ છું કે જે માંસાહારી કે શાકાહારી પ્રાણીઓમાં નથી.''

''આજથી હું તમને પાંખો આપુ છું. તમે તેનાથી ઉડી શકશો. આથી તમે બચી શકશો. વળી તમે પાંખ હોવાથી ઝાડ પર પણ બેસી શકશો. દુર આવેલી નદી, ઝરણા, પહાડ પણ જોઈ શકશો.''

પ્રભુએ બધા પક્ષીઓને આંખ બંધ કરવા કહયું. બધા પક્ષીઓ આંખા બધં કરી ને બેસી રહયા. થોડી વાર પછી ભગવાનને આંખ ખોલવાનું કહયું. બધાએ આંખ ખોલી તો તેઓ એકબીજાને જોઈ જ રહયા. બધા પક્ષીને પાંખો હતી. બધા એકબીજાની પાંખો જોવામાં જ મશગુલ હતા. ભગવાનનો આભાર માનવા ભગવાન સામુ જોયુ તો ભગવાન અદશ્ય થઈ ગયા હતા.

હવે પંખીઓ પાંખથી ઉડી શકતા હતા. શિકારી પ્રાણીઓથી બચી શકતા હતા. કુદરતનો સુંદર નઝારો ઝરણા, ડુંગરા વગેરે જોઈ શકતા હતા.

આ બાજુ શાહમૃગ, કિવી અને ઈમુએ જોયુ કે બધા પક્ષીઓ પાંખો વડો ઉડવા લાગ્યા છે. અને શિકારીઓથી પણ બચવા લાગ્યા છે.

વળી કુદરતી સૌદર્યનું પણ સરસ રસપાન કરી રહયા છે. આથી તેવોને બહુ પસ્તાવો થયો.

તેઓ એક દિવસ મોર પાસે આવ્યા અને કહયું, 'ભગવાનને અમારાવતી પ્રાર્થના કર કે અમને પણ ઉડવા માટે પાંખો આપે. મોરને ભગવાનને પ્રાર્થના કરવા ત્રણેય ખુબ ખુબ વિનવે છે.

આથી મોરે ભગવાનને પ્રાર્થના કરી કે, ''શાહમૃગ, કિવી અને ઈમુ અમારા દોસ્ત છે તેમને પણ પાંખો આપો.''

ભોળો મોરની પ્રાર્થના ભગવાને માન્ય રાખી અને પ્રસન્ન થયા. ભગવાન શાહમૃગ, કિવી અને ઈમુને સંબોધીને કહે કે,''તમે બધા પક્ષીઓ ભેગા ભળ્યા નહી. તમે ફકત તમારો સ્વાર્થ જોયો. આથી હું ભોળો મોરનાં કહેવાથી તમારી વિનંતી માન્ય રાખુ છું. તમને ત્રણેયને હું પાંખો તો આપુ છું પણ તે પાંખથી તમે બીજા પક્ષીઓની જેમ ઉડી શકશો નહી.''

તે દિવસથી બીજા પક્ષીઓ પાંખો વડે ઉડી શકે છે પણ શાહમૃગ, કિવી એન ઈમુ ઉડી શકતા નથી.



**બાલમિત્રો,**

એક પ્રસંગ છે એક બહેન કૌટુંબિ વિકટ પરિસ્થિતિમાં ફસાઈ ગયા. ખુબ દુઃખી હતા. એમાંથી બહાર નીકળવા ઘણા પ્રયત્નો પણ કર્યાને કરતા રહેતા હતા. એમાં કોઈએ કહયું કે, ''ફલાણાબાપુ સારૂ જુએ છે. ''એટલે એ બાપુ પાસે જ છે. બાપુએ ઘણું સમજાવ્યું પણ બહેન માન્યા નહિ. તેમણે કોઈ દેરો કરી આપવાનો આગ્રહ રાખ્યો. પછી બાપુએ એક કાગળમાં કશુંક લખી કહયું, કાગાળ માદળિયામાં મુકી માદળિયું ગળામાં પહેરને ''બઠી તો ખુશ થતાં ચાલ્યા ગયા. થોડા વખતમાં બહેન પરિસ્થિતિમાંથી બહાર આવી ગયા. ઘરમાં ખુબ સુખ શાંતિ થઈ ગઈ.બહેનને બાપુ પર વિશ્વાસને શ્રધ્ધા બેઠા ને બહેન બાપુ પાસે જાય છે. પગે લાગી આશીર્વાદ માંગ્યા. ને પતિ દુઃખમાંથી બહાર આવી ગયા છે. તે પણ કહયું. બહેને કહયું. ''બાપુ, તમારા માદળિયા છે. સારૂં કામ કર્યુ. ''ત્યારે બાપુએ માદળિયામાં મુકેલ કાગળ કાઢી બહેનને કહયું ''વાંચો'' કાગળમાં લખ્યું હતું. આ પરિસ્થિતિ પણ ચાવી જશે. ''બહેને નવાઈ લાગી, બાપુએ સમજાવ્યું બહેન, આ કાંઈ મારો ચમત્કાર નથી. હમેંશા સુખ–દુઃખનું ચક્કર ચાણ્યા જ કરતું હોય છે. કોઈ પરિસ્થિતિ કાયમ ટકતી નથી. બાળમિત્રો, વાર્તા પરથી સમજાવ્યું હશે કે તમે પણ જીવનમાં પરિસ્થિતિ બદલાવાની રાહ જોએ. અવશ્ય પરિવર્તન આવશે જ..

## ઇંગ્લેન્ડમાં

### સ્વરાજય મારો જન્મસિધ્ધ અધિકાર છે

– બાલગંગાધર તિલક



તિલક, કરંદીકર, ખાપર્ડે અને પાલને ૧૯૮૧ ના પ્રારંભે જ હોમરૂલ લીગના એક પ્રતિનિધિ મંડળ માં ઈંગ્લેન્ડ મોકલવાનો નિર્ણય કરાયો. આ દિવસોમાં પ્રથમ વિશ્વયુધ્ધ આવી રહયું હતુ હતાં બ્રિટિશ સરકારે પાસપોર્ટ આપી દીધા. જતાં પહેલા તિલકે કહયું હતુ, ''આજે ઈંગ્લેન્ડ સામે બે જ રસ્તા છે – કાં તો તે આપણને સ્વરાજય આપે અથવા ભારત તરફથી સંપૂર્ણ હાથ ધોઇ બેસે. અમને સ્વરાજય આપો. અમે યુધ્ધમાં સહાય કરીશું. નહિંતર તમારૂં સામ્રાજય જોખમમાં છે.''

રસ્તામાં કોલંબોમાં પણ એમનું ભવ્ય સ્વાગત થયું. તિલકે બીજે દિવસે ''બૌદ્ધ ધર્મ અને હિંદુ ધર્મ'' પર ભાષણ આપ્યું. અંગ્રેજ સરકારે એમને ત્યાં જ સૂચિત કર્યા કે સરકારે બધા પાસપોર્ટ રદ કરી દીધા છે.

મુંબઈમાં એના વિરોધમાં સભા થઈ, જેના અધ્યક્ષ ઝીણા હતા. ૮ એપ્રિલે જનસભામાં ઝીણાએ બ્રિટિશ સરકારના આ ફેંસલાની નિંદા કરી. અધ્યક્ષ પદેથી જાહેરસભામાં એમણે જાહેરાત કરી, ''બ્રિટિશ સરકારના કાન તો છે, પણ આંખો નથી.'' આંખોના રહેવાનું કારણ એમની આંખો પર પડેલી ભયની ચાદર છે. ૧૮ એપ્રિલે તિલકે



વાઈસરોયને તાર મોકલ્યો અને વેલેન્ટાઈન શિરોલ વિરૂધ્ધ દીવાની મુકદામાના સંદર્ભમાં પોતાને ઈંગ્લેન્ડ જવા દેવાની માંગણી કરી. અંતે સરકારે તિલકને મુકદમાના સંદર્ભમાં જવાની સ્વીકૃતિ તો આપી પરંતુ કેટલીક શરતો પણ લગાડી. ઓકટોબરના અંતમાં તિલક લંડન પહોંચ્યા. લંડનમાં રાજકારણની પ્રવૃતિમાં ભાગ લેવા તિલક પર પ્રતિબંધ ફરમાવાયો હતો. એ દૂર કરવા અરજી કરી અને એમની અરજી મંજૂર થઈ ગઈ.

તિલકના દિલમાં તો આઝાદીના તડપ હતી. ઈંગ્લેન્ડ જઈને પણ તેઓ ઘણા વ્યસ્ત રહયા. હરવા–ફરવા અને મનોરંજન માટે એમને કયારેય સમય ના મળ્યો. ત્યાં રહીને તેઓ માત્ર બ્રિટિશ મ્યૂઝિયમ, ઈંડિયન ઓફિસ લાયબ્રેરી અને હાઉસ ઓફ કોમન્સ જોઈ શકયા. એમનું ભોજન ભારતમાં હતું તેવું જ રહયું. ઠંડીથી બચવા ધોતિયું–ઝભ્ભાની જગ્યાએ તેઓ લાંબો ગરમ કોટ, પેન્ટ, ઉનના મોજા, બૂટ વગેરે પહેરતા હતા. પણ એમણે ટાઈ કયારેય ના લગાવી. ઘણા લોકો એમને પાદરી સમજતા હતા.

તિલક જયાં ઉતર્યા હતા ત્યાં નીચેના માળે બેપ્ટિસ્ટા રહેતા હતા. તિલકે ત્યાં 'હોમરૂલ લીગ'નું કાર્યાલય ખોલ્યું. ભારતને આત્મનિર્ણયનો અધિકાર' પુસ્તિકા પ્રકાશિત કરી. બ્રિટન અને આયલેન્ડમાં દસ લાખ પત્રિકાઓ વહેંચી. 'ઈન્ડિયા' સમચાર પત્રને નવું રૂપ આપ્યું. આ સિવાય એમણે ઘણી રાજકીય સભાઓમાં ભાગ લીધો. તેઓ સામાજિક ઉત્સવોમાં પણ સામેલ થયા અને અંગ્રેજ તેમજ ભારતીય મિત્રો સાથે ભારતની સ્વાધીનતા અંગે ચર્ચા કરી.

## થર્મોમીટર શું છે ? ને શું કામ કરે છે ?

વાયુ, પ્રવાહી કે ઘન પદાર્થનું તાપમાન માપવાનુંા સાધન એટલે થર્મોમીટટર.

પદાર્થનું તાપમાન બદલાતાં તે પદાર્થનાં ભૌતિક ગુણધર્મમાં ફેરફાર થાય છે તે હકીકત પર થર્મોમીટર કામ કરે છે. પ્રવાહીનું કદ, સુરેખ ઘન પદાર્થની લંબાઈ, પદાર્થનો અવરોધ વગેરે તાપમાન સાથે બદલાતા ગુણધર્મો છે. જુદા જુદા પ્રકારનાં માપનો અને જુદી જુદી પરિસ્થિતિ માટે અનેક પ્રકારનાં થર્મોમીટર તૈયાર કરવામાં આવ્યાં છે. તેમાંનાં અગત્યનાં નીચે પ્રમાણે છે. :

કાચમાંનાં પ્રવાહીવાળુ થર્મોમીટર : આ પ્રકારનાં થર્મોમીટરમાં અંકિત કરવામાં આવેલી કાચની કસનળ ીના એક છેડા પર કાચનો ગોળોા હોય છે અને બીજા છેડેથી તે નળી બંધ કરેલી હોય છે. ગોળામાં થોડા પ્રમાણમાં પારો, આલ્કોહોલ, પેન્ટેન કે ટોલ્વીન ભરવામાં આવે છે.ા ાનળીનાં બાકીનાં ભાગમાં સામાન્ય રીતે સૂકો નાઈટ્રોજન ભરવામાં આવે છે. ઉપયોગ અનુસાર



જુદા જુદા પ્રકારનાં થર્મોમીટર બનાવવામાં આવે છે. આ પ્રકારમાં દાકતરી થર્મોમીટર શરીરનું તાપમાન માપવા માટે ખુબ જ ઉપયોગી હોય છે.

પૂતિર પદ્ધતિ થર્મોમીટર : આ થર્મોમીટરથી ૬૦ મીટર દુર આવેલા પદાર્થનું તાપમાન માપી શકાય છે.

– દ્વિધાત્વીય થર્મોમીટર : આ થર્મોમીટર મુખ્યત્વે થરમોસ્ટેટ કે તેવા તાપમાન – નિયંત્રકોમાં વપરાય છે.

– વાયુ થર્મોમીટર : આ થર્મોમીટર મોટા હોવાથી વ્યવહારમાં ઉપયોગી નથી : પરંતુ તેનો ઉપયોગ બીજા થર્મોમીટરને પ્રમાણિક કરી અંકન કરવામાં થાય છે. અને પ્રયોગશાળામાં વપરાય છે.

– અવરોધ – થર્મોમિટર : પ્રમાણભૂત થરમોમીટર તરીકે તે પ્રયોગ શાળામાં વપરાય છે. ઓછી ચોકસાઈ અને વધુ મજબુતાઈવાળા, થરર્મોમીટર ઔદ્યોગિક ક્ષેત્રે વપરાય છે.

– થર્મિસ્ટર : થર્મિસ્ટર ઘણું સંવેદી છે તેથી તાપમાનના થતા ખબુ સૂક્ષ્મ ફેરફારના ચોકકસ માપન માટે તે ઉદ્યોગમાં વપરાય છે.

– થર્મોકપલ થર્મોમીટર : આ થરર્મોમીટર પ્રયોગશાળામાં અને ઔદ્યોગિક ક્ષેત્રે સૌથી વધુ વપરાય છે, કેમ કે તે લાંબી આવરદાવાળુ અને મજબુત હોય છે. અને તાપમાનની સતત નોંધ રાખે છે.

– પાયરોમીટર : તેને ઉપયોગ ભટ્ઠી, તારા વગેરેનું તાપમાન નકકી કરવામાં થાય છે. થર્મોકપલ જે તાપમાન કે વાતાવરણમાં કામ ન કરતું હોય ત્યાં પાયરોમીટર વપરાય છે. ઝડપથી જેનું તાપમાન બદલાતું હોય તેવા ગતિમાન પદાર્થનું તાપમાન માપવામાં તેનો ઉપયોગ થાય છે.

# વિચાર શકિત
(THOUGHT POWER)

લેખક : બ્રહ્મલીન શ્રી સ્વામી શિવાનંદ સરસ્વતી

## સંકલપ નિયમન માટે સિદ્ધસાધનાઓ

શરૂઆતમાં તો જયારે તમે ધ્યાનમાં બેસશો ત્યારે બધી જાતનાં પાપમય વિચારો તેમાં જાગૃત થશે. જયારે ધ્યાનમાં તમે શુદ્ધ વિચારો માટે પ્રયાસ કરો છો ત્યારે જ આમ કેમ બને છે ?

આ વસ્તુસ્થિતિથી કંટાળી કેટલાક સાધકો પોતાની આધ્યાત્મિક ધ્યાનની સાધના છોડી પણ દે છે. જો તમે ગધેડાને હાંકી કાઢવાનો પ્રયાસ કરશો તો તે વેર લેવા પણ તમારા પર હલ્લો કરશે. તેવી જ રીતે જયારે તમે સારા પવિત્ર દિવ્ય વિચારો કરવા બેસો છો, ત્યારે જુના પાપમય વિચારો બમણા વેગથી વેર લેવા માટે તમારા ઉપર ધસારો કરે છે.

જયારે તમારા દુશ્મનને તમારા ઘરમાંથી હાંકી કાઢવાનો પ્રયાસ કરો છો. ત્યારે તે પુરેપુરા જોરથી તમારી સામે થાય છે.


કુદરતમાં વિરોધ કે પ્રતિક્રિયાનો નિયમ કામ કરે છે. જેના અશુભ વિચારો સામે જોરશોરથી વિરોધ કરી જાહેર કરે છે કે, 'હે મનુષ્ય ! ક્રૂર બન નહિ. તે મને અનાદિ કાળથી તારા મનરૂપી ઘરમાં નિવાસસ્થાન આપ્યુ છે. અહી રહેવાનો અમને પુરેપુરો હકક છે. અને તને તારાં દુષ્કૃત્યોમાં આજ સુધી મદદ કરી છે, તો હવે તું અમને અમારા નિવાસસ્થાનમાંથી શા માટે હાંકી કાઢે છે ? અમે અમારા સ્થાનને હવે ખાલી કરીશું નહિ.

'પણ આથી નિરાશ થાઓ નહિને નિયમિત રીતે તમારો ધ્યાનનો અભ્યાસ ચાલુ રાખો. આથી જરૂર આ ખરાબ વિચારો ઓછા થઈ જશે, ક્રમે ક્રમે તેઓ નાશ પણ પામશે.

હકારાત્મક શુભ વસ્તુ હંમેશા નકારાત્મક અશુભ વસ્તુ પર વિજય મેળવે છે. આ કુદરતનો કાયદો છે. હકારાત્મક સારા વિચારો આગળ નકારાત્મક ખરાબ વિચારો કદી ટકી શકે જ નહિ. હિંમત ભયને દુર કરે છે, ધૈર્ય, ક્રોધને ચીડિયાપણાને હરાવે છે, પ્રેમ દ્વેષ પર વિજયે મેળવે છે. પવિત્રતા કામનાં સંકલ્પને ટકવા દેતી નથી. ધ્યાનને સમયે ખરાબ વિચાર સપાટી પર આવતાની સાથે જ હવે તમે બેચેન બની જાઓ છો.। આ હકીકત જ બતાવે છે કે તમે આધ્યાત્મિકતામાં પ્રગતિ કરતા જાઓ છો. ભૂતકાળમાં તો તમે જાણીબૂઝીને બધા પ્રકારનાં પાપમય વિચારોને આશ્રય આપતા હતા. તમે તેમને આવકારતા અને પોષણ આપતા. હવે તમે તમારી આધ્યાત્મિક સાધનામાં અડગ રહો, તેમાં આગ્રહી ને ખંતીલા બનો. આથી જરૂર તમને વિજય મળવાનો જ મંદ સાધક પણ જો બે કે ત્રણ અખંડ રીતે જપ ને ધ્યાનની સાધનામાં મંડયા રહે તો તેનામાં અદભૂત પરિવર્તન થયેલું

**(ક્રમશઃ)**

# શું ખાશો : કેક કે સફરજન ?



નાનકડી કીડીએ મમ્મીને કહયું 'મમ્મી, મારે કેક ખાવી છે ! આપને ! મમ્મીએ કહયું ''કેક ખાવાથી દાંત સડી જાય ! કેક ન ખવાયા'

''ના, મારે કેક ખાવી છે ! મને કેક બહુ ભાવે છે ! આપને, મમ્મી !'' કીડીએ જિદ્દુ પકડી, મમ્મીએ કેક ન આપી તે ન જ આપી ! કીડી મોં ચડાવીને સ્કુલે ચાલી ગઈ.

રિસેસમાં પણ તે એમ જઃ મોં ચડાવીને બેઠી હતી, તેની ફ્રેન્ડે પુછયું,' કેમ, આમ બેઠી છો ? કીડી બોલી ''મારે કેક ખાવી છે ! પણ મમ્મીએ ના પાડી !'' ઓહ ! એમાં શું ? મારી એક ફ્રેન્ડનો આજે બર્થ–ડે છે ! ચાલ, તને કેક ખવડાવીશ !'' સારે ? કીડીનાં મોમાં તો પાણી આવ્યું !

''હા, ચાલ' તેની ફ્રેન્ડ, તેને લઈ ગઈ

કીડીએ તો પેટ ભરીને કેક ખાધી ! તેને ખુબ મજા આવી ગઈ ! પછી તો લગભગ રોજ કોઈને કોઈ ફ્રેન્ડનો બર્થ–ડે હોય, ત્યાં કીડી પહોંચી જાય ! રોજ–રોજ તેને કેક ખાવા મળી જાય.

થોડાક દિવસ થયા.

કીડીને એક દિવસ દાંતમાં દુઃખાવો ઉપડયો. મમ્મી તેને ડોકટર પાસે લઈ ગઈ. ડોકટર ચેક કરીને બોલ્યાં. 'તમે કેક બહુ ખાવ છો ?

''હા એ તો મને બહુ ભાવે ! એટલે રોજ ખાઉ છું ! કીડીએ કહયું. ડોકટર બોલ્યા ''કેક વધારે ખાવાથી આ દાંત સડી ।ગયો છે ! આ દાંત પાડવો પડશે !''

''ના ! ના ! મારે દાંત નથી પડાવવો ! મને દવા આપોને ! 'કીડીએ ગભરાઈ જતાં કહયું.

દવા આપુ દવાથી દાંત સાજો પણ થઈ જશે ! પણ એક શરત ! ડોકટરે કહયું.

'હકઈ શરત ? કીડીએ પુછયું.

''હવેથી કેક ખાવાનું બિલકુલ બંધ ! ડોકટરે કડક શબ્દોમાં કહયું.

'પણ કેક ખાધા વિના મને ન ચાલે ! મને મીઠી–મીઠી કેક તો જોઈએ જ ! કીડીએ કહયું.

ડોકટર બોલ્યા – 'તો કેકને બદલે રોજ મીઠું – મીઠું સફરજન ખાવ ! એ ખાવાની મજા પણ આવશે ને દાંત પણ નહી બગડે !''

''હા ભલે ! કીડીએ ડોકટરની સલાહ માની લીધી.

પછી રોજ કેક ખાવાને બદલે તે દરરોજ એક સફરજન ખાવા લાગી. ડોકટરે આપેલી દવાથી તેનો દાંત પણ સાજો થઈ ગયો ! ને સફરજન ખાવાથી તે તાજી–માજી પણ થઈ ગઈ !

**– મોકલનાર : કિરીટ ગોસ્વામી**

# તમારા ધરમાં આવે છે ?



## છછુંદર

ઉંદર જેવું દેખાતું કીટભક્ષી વંશનું સસ્તન પ્રાણી.

છછુંદરનો ચહેરો લાંબો અને અણીદાર હોય છે.તે ઝીણી આંખ અને નાના કાનને કારણે ઉંદરથી જુદુ પડે છે. રાતે તે ઘરની આસપાસ ફરતું હોય છે. કેટલાક છછુંદર એક ઉગ્ર ગંધવાળા પ્રવાહીનો સ્ત્રાવ કરે છે. એટલે તેવા છછુંદરને કસ્તુરીની ગંધવાળું છછુંદર કહે છે !

કેટલાક છછુંદર અત્યંત નાનાં હોય છે,ઃ દા.ત. ચળકતા દાંતવાળુ અને 'સલકસ એટ્રેસ્કસ' નામે ઓળખાતું છછુંદર ૪.૫ સે.મી.લાંબુ હોય છે. છછુંદર દરમાં રહેતાં હોય છે. કીટક અને કૃમિ જેવા જીવજંતુ છછુંદરનો મુખ્ય ખોરાક છે.


કોઈક વાર તે પંખી કે નાના પ્રાણીનો શિકાર પણ કરે છે. તે લડાયક મિજાજ ધરાવે છે અને મોટાં પ્રાણીઓ પર આક્રમણ કરતા પણ અચકાતું નથી. છછુંદરનું બચકું ભક્ષ્ય માટે ઝેરી નીવડે છે. તે સતત ખાતું રહે છે. કેટલીકવાર તો પોતાનાથી ત્રણ ગણા વજન જેટલો ખોરાક ખાઈ જાય છે. છછુંદરની માદા તેનાં બચ્ચાને વારંવાર ખોરાક (દૂધ) ખવડાવે છે.। જો બચ્ચાને ૨૦ મિનિટ સુધી ખોરાક વગર રહેવાનું થાય તો તે ભૂખથી મરી પણ જાય છે. છછુંદર પોતાનાં બાળકની સંભાળ સારી રીતે લે છે. માતા પોતાનાં ૬ થી ૭ જેટલા બચ્ચાંને લઈને ફરવા નીકળે છે. ત્યારે દીવાલનો આધાર લે છે. જયારે બચ્ચાં આગલાં બચ્ચાંની પૂંછડી મુખમાં પકડી રાખે છે. અને સૌથી આગળનું બચ્ચું માતાની પૂંછડી મુખમાં પકડી બધાં જ ગાડીનાં ડબ્બા માફક આગળ વધે છે. છછુંદર આફ્રિકાના જંગલમાં ખૂબ જોવા મળે છે. જે ઘરમાં છછુંદર ફરતાં હોય ત્યાં સામાન્ય રીતે ઉંદરો ફરકતા નથી.

**– મોકલનાર : અશોક રામાનંદી**

# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



# પૂ. ડોંગરેજ મહારાજની અમૃતવાણી



## શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય

૧૬૧–ભોગવાસના અનેક જન્મોની મનમાં છે, તેનો જલદી ત્યાગ થઈ શકતો નથી, પરંતુ વિવેકથી ભોગ ભોગવે તો અંતકાળ સુધી ઈંદ્રિયો સારી રહે.

૧૬૨–સૂર્યનારાયણ પ્રત્યેક્ષ દેવની આરાધના કરો.

૧૬૩–ઓછામાં ઓછા બાર સૂર્ય નમસ્કાર રોજ કરો.

૧૬૪–સત્કર્મનું તમારા મુખથી વર્ણન કરશો નહી.

૧૬૫–યુવાવસ્થામાં જેણે બહુ પાપ કર્યા હોય, તેને વૃધ્ધાસ્થામાં ઉંઘ આવતી નથી.

૧૬૬– નવમાં સ્થાનમાં સ્વગૃહે ઉચ્ચક્ષેત્રનો બૃહસ્પતિ હોય તો ધર્માત્મા બને છે.

૧૬૭–ધર્મી દુઃખી થાય છે તો તેને ત્યાં સંત આવે છે.

૧૬૮– વૈષ્ણવ તે છે જે સ્વદોષનો વિચાર કરે, બીજાના દોષનો નહિ.

૧૬૯–મનને બહુ ગમે તે કરશો નહી. મન માગે તો આપશો નહી. તો ધીરે ધીરે મન કાબૂમાં આવશે.

૧૭૦–જીવન ગભરાય ત્યાં સુધી તે પ્રભુને પોકારતો નથી.

# જ્ઞાનમંજરી

(૮૧) ચાવડા વંશનો છેલ્લો રાજા કોણ હતો ? – સામંતસિંહ.

(૮૨) કયો પ્રદેશ 'સારસ્વત–મંડલ' તરીકે જાણીતો હતો ? – મહેસાણા – બનાસકાંઠા જિલ્લાનો પ્રદેશ.

(૮૩) ગુજરાતમાં–હડપ્પા અને મોહેં–જો–દડોની સંસ્કૃતિને મળતા આવતા એવશેષો કયા સ્થળેથી પ્રાપ્ત થયા છે ? – લોથલ.

(૮૪) ગુજરાતના પૌરાણિક ઈતિહાસનો આરંભ કોના સમયથી થાય છે ? – શર્યાતિ.

(૮૫) સોલંકી યુગથી સ્થાપના કોણે કરી હતી ? – મુળરાજ સોલંકી

(૮૬) સિધ્ધરાજ જયસિંહને શાથી ''બર્બરક વિષ્ણુ'' કહે છે ? – તેણે બાબરા ભૂતને હરાવ્યો હતો.

(૮૭) સોલંકી રાજાઓના સમયમાં ગુજરાત કયાં નામે ઓળખાતું ? – ગુર્જર દેશ.

(૮૮) મહમૂદ ગઝનવીએ ગુજરાતમાં – કયા સ્થળના શિવમંદિરને તોડી લૂંટ ચલાવી હતી ? – સોમનાથ.

(૮૯) સિધ્ધરાજ જયસિંહની માતાનું નામ હું હતુ. – મીનળદેવી.

# ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

## બોલકણું મૌન !

વાણીનો વિરામ એટલે મૌન, બકવાસ બંધ = મૌન, એવી આપણી સંસારી સમજ છે.

પાછલી રાત્રે પ્હો ફાટતું હોય, પૂર્વ દિશામાં આછો અજવાસ, પછી રકિતમ આભા... લાલ ચટ્ટક કંકુના કુંભ ઢોળાય પછી ઝળહળતો સોનાનો રસ રેલાય તેવું પ્રભાતી આકાશ... અથવા... પશ્ચિમ દિશામાં દિવસ સંધ્યામાં વિલય પામતો હોય, વિરાટ સાગરના અફાટ જળરાશિમાં સૂર્ય ઉતરતો હોય, તેવું સાંધ્ય આકાશ.... આ વેળાના મૌનને બોલતું સાંભળ્યું છે ? જબરા બોલકણા આ મૌનને 'સાંભળવા' માટે દિવ્ય કર્ણ જોઈએ.

# આવું પણ બની શકે

**(વાહ, ભાઈ, વાહ...)**

રાહુલ : રોનક, તું ખુબ જ નસીબદાર છે કે જયારે તારે સ્કુલ ન જવું હોય ત્યારે માંદા પડવાનો ઢોંગાા કરી શકે છે. હું તેમ નથી કરી શકતો.
રોહન : કેમ ?
રાહુલ : મારા પપ્પા પોતે જ ડોકટર છે.

ટીના પોતાનાં ઘરનાં દરવાજા બહાર ઉભી રહીને એના પપ્પાનાં નામની તકતીની આજુબાજુ લાઈટો ગોઠવતી હતી. અચાનક એના પપ્પા ત્યાં આવી ચડયા. એમણે પુછયું 'ટીના બેટા, આ તું શુ કરી રહી છે ?''
ટીના : પપ્પા, હું તમારૂં નામ રોશન કરી રહી છું.

---

નોકરાણી : માફ કરજો સાહેબ, શેઠાણીએ એમ કહેવા કહયું છે કે તેઓ ઘેર નથી.
પેલા ભાઈ : કશો વાંધો નહી. એમને પણ કહી દેજો કે એમને નહી મળવાથી ખુબ આનંદ થયો છે. એમને આપવાનું ઈનામ હવે હું રાખી લઈશ.

---

ન્યાયાધીશ (ટ્રક ડ્રાઈવરને ) : તમે વળતી વખતે તમારી પાછળનાં ટેકસી ડ્રાઈવરને હાથ કેમ ન બતાવ્યો ?
ટ્રક ડ્રાઈવર : એમાં હાથ શું બતાવવાનો ! મારો આટલો મોટો ખટારો એને ન દેખાય ?

સેલ્સમેન ગ્રાહકને ઘણી બધી વસ્તુઓ બતાવે છે તેને તેમાંથી એક પણ વસ્તુ પસંદ નથી આવતી ત્યારે કંટાળીને સેલ્સમેને પુછયું, ''આખરે તમારે જોઈએ છે શું ?''
ગ્રાહક : એક માત્ર તક.

# સંગીત સમ્રાટ તાનસેન

## ઉતર હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીતના મહાન ગાયક તાજસેન



પિતાનું નામ મકરંદ કે મુકુંદરાય પાંડે, તેઓ નાનપણથી જ સંગીતમાં રસ લેતા હતા. અને હરિકીર્તન કરતા હતા. તેમનું મૂળ નામ ત્રિલોચન હતું. ગ્વાલિયરનાં મહારાજાએ તેમને 'તાનસેન'ની ઉપાધી આપી હતી. તેઓ નાનપણમાં પશુપક્ષીઓની બોલીની આબેહુબ નકલ કરતા હતા. ।તેમની આ પ્રતિભા જોઈને સ્વામી હરિદાસે તેમને સંગીતની દીક્ષા આપી. ત્યારબાદ વધુ સંગીતની શિક્ષા મેળવવા તેઓ ગ્વાલિયની ફકીર મહમ્મદ ઘાઉસ પાસે રહ્યાં.

ઈ.સ.૧૫૬૧માં ના અરસમાં અકબર બાદશાહે તેમને પોતાનાં દરબારમાં ગાયક તરીકે સામેલ કર્યા. ધીમે ધીમે તાનસેનની કીર્તિ ચારે તરફ ફેલાતી ગઈ. સમયાંતરે અકબરે તેનાં દરબારનાં નવરત્નોમાં તાનસેનનો સમાવેશ કર્યો. ત્યારથી તેઓ ગાયનસમ્રાટ મિયાં તાનસેનનાં નામથી મશહૂર થયા.


તાનસેન ગાયક ઉપરાંત કવિ અને બંદિશોનાં રચનાકાર પણ હતા. તેમણે બાદશાહની સ્તૃતીરૂપ રચનાઓ અને ઈશ્વરભકિતનાં કાવ્યો પણ રચ્યાં છે. ધ્રુપદ ગાયકીની ગૌડી બાની તેમણે પોતાની શૈલીથી બનાવી હતી. તેમની કૃષ્ણલીલા વિશેની પદ્યરચનાઓ ઘણી પ્રચલિત છે. તેમણે મિયાં મલ્હાર, મિયાં કી સારંગ અને મિયાંકી તોડી જેવા નવા રાગો અને દરબારી કાનડા રાગ રચ્યા છે. ભૈરવ રાગ ગાવામાં તેમણે વિશેષ કુશળતા મેળવી હતી. એવું કહેવાય છે. કે અકબાર બાદશાહનાં આદેશથી તેમણે શાહી દરબારમાં દીપક રાગ રજુ કર્યો ત્યારે અગણિત દીવા પ્રગટયા હતા. આ સંદર્ભમાં એમ પણ કહેવાય છે. કે તાનસેનને દીપક રાગ ગાવાથી જે દાહ ઉપડયો તેનું શમન વડનગરની બે નાગર બહેનો તાના અને રીરીએ મલ્હાર રાગ ગાઈને કરેલું ! તાનસેનનાં મધુર અને સુરીલા કંઠનો આસપાસનાં વાતાવરણ પર ખુબ પ્રભાવ પડતો હતો. દિલ્હી ખાતે આ પ્રસિદ્ધ અને મહાનગાયકનું અવસાન થયું. –

**મોકલનાર : અશોકભાઈ હિંડોચા**

# વાર્તા રે વાર્તા


તા.૨૪/૯/૨૦૨૩ના રવિવારે વાર્તા રે વાર્તામાં બાળમિત્રો મળ ેલા તેનું સંચાલન રીનાબેન અગ્રાવતે કરેલુ. રાઠોડ નિરાલીએ ઉખાણા પુછયા, ડાંગર જાન્હવીએ સરસ વાર્તા સંભાળ વી, સુર્યાશી હોબાલા તથા રાઠોડ પાર્થ પ્રશ્નોતરી કરી જ્ઞાન આપ્યું. માધડ વિદ્યાર્થી વિતલીનું ગીત ગાયું. તો પાર્થભાઈએ પરીક્ષા માટેનો ઝગડો નાટક કરી બતાવ્યું. તો અન્ય મિત્રો હવે પછી સાહિત્ય લાવશે. જોવા આવેલા અંતે ત્રિશુલની ચોકલેટ લાગી ગળીગળી.

# અધુરુ ચિત્ર દોરીને પુરૂ કરો...



# આ મારું ચિત્ર છે


**પાણિયા પ્રા.શાળાનાં શિક્ષકો, બાળકો, આચાર્યને અભિનંદન. જુઓ કેવા સુંદર ચિત્રો દોરીને મોકલેલ છે ! તમે પણ દોરજો...**




**સોજીત્રા રિધ્ધી સી.**
**(ધો.૮–શ્રી પાણીયા પ્રા.શાળા)**



**ભેડા ભૂમિ દેવેન્દ્રભાઈ**
**(ધો.૮–શ્રી પાણીયા પ્રા.શાળા)**



**કાવ્યા વિનુભાઈ નિમાવત**
**(ધો.૭–શ્રી પાણીયા પ્રા.શાળા)**



**રુચિતા બી. કુકવાવા**
**(ધો.૮–શ્રી પાણીયા પ્રા.શાળા)**

# અમરેલી લોહાણા મહાજનનાં ઉપક્રમે ગણપતિ મહોત્સવ યોજાયો










અમરેલી ખાતે તા. ૧૯/૯/૨૦૨૩ થી તા. ૨૮/૦૯/૨૦૨૩ સુધી માતૃશ્રી અંબાબેન નરશીદાસ સોઢા લોહાણા મહાજન વાડી ખાતે સફળતાપુર્વક ગણપતિ મહોત્સવ યોજાયો જેમાં પ્રથમ દિવસે તા. ૧૯/૦૯/૨૦૨૩નાં રોજ હરીરામબાપા ચોકથી લોહાણા મહાજન વાડી સુધી વિધિવત ગણપતિ બાપાની સ્થાપના કરવા નગરયાત્રા યોજાઈ. જેમાં રઘુવંશી સમાજનાં જ્ઞાતિજનોએ બહોળી સંખ્યામાં હાજરી આપી. જેમાં પ્રથમ દિવસે અમરેલી લોહાણા મહાજનનાં પ્રમુખ જીતુભાઈ ગોળવાળાએ પુજા અને આરતી કરી તેમજ દ્વિતીય દિવસે ઉપપ્રમુખ સતીષભાઈ આડતીયા તેમજ મંત્રી જગદીશભાઈ સેલાણી તથા અમરેલી લોહાણા મહાજનનાં ટ્રસ્ટીગણ અને સર્વ સભ્યોએ કાર્યક્રમ દરમ્યાન દરરોજ પુજા અને મહાઆરતી કરી. આ કાર્યક્રમ દરમ્યાન રોજબરોજ વિવિધ ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં જલારામ બાપાની ધુન શ્રી પીપળેશ્વર મહાદેવનાં મહંત જયકૃષ્ણદાસ બાપુનાં કંઠે સંગીતમય સુંદરકાંડ પાઠનું આયોજન કરવામાં આવ્યું. તેમાં શ્રી રામજી મંદિર–ગોંડલનાં મહંત જયરામજી મહારાજનાં અધ્યક્ષ સ્થાને સુંદર ધાર્મિક કાર્યક્રમ સમાપન થયો તેમજ રઘુવંશી સમાજનાં યુવક–યુવતી માટે રાસ–ગરબાનું સુંદર આયોજન કરવામાં આવ્યું. શ્રી ગણપતિ વિસર્જનની પૂર્વ સંધ્યાએ શ્રી સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં અમરેલીનાં રઘુવંશી સમાજનાં જ્ઞાતિજનો સહપરિવારે હાજરી આપી. શ્રી ગણપતિ વિસર્જન તા. ૨૮/૯/૨૦૨૩ ગુરૂવારનાં રોજ ગણપતિ વિસર્જન લોહાણા મહાજન વાડીથી કામનાથ મંદિરે કરવામાં આવ્યું. જેમાં લોહાણા મહાજનનાં તમામ ટ્રસ્ટીગણ તેમજ સર્વે સભ્યોએ હાજરી આપી અને ભગવાન ગણપતિબાપા આવતા વર્ષે વહેલા પધારે એવી રઘુવંશી સમાજ દ્વારા પ્રાર્થના કરી શ્રી ગણપતિ વિસર્જન સંપન્ન થયું. અમરેલી લોહાણા મહાજન પ્રમુખ જીતુભાઈ ગોળવાળા, ઉપપ્રમુખ સતીષભાઈ આડતીયા, અને ભાવેશભાઈ સોઢા તથા મંત્રી જગદીશભાઈ સેલાણીની સંયુકત યાદીમાં જણાવેલ છે.

## ડીડીઓનાં અધ્યક્ષ સ્થાને લીલીયા મોટા ખાતે સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ યોજાયો




લીલીયા મોટા, તા. ૨૯

લીલીયા મોટાની મામલતદાર કચેરી ખાતે ડીડીઓ દિનેશ ગૂરવના અપ્રધ્ક્ષ સ્થાને સરકારની સુંદર યોજના સ્વાગત ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો જેમાં ભેંસવડીના પૂર્વ સરપંચ દકુભાઈ બુટાણી દ્વારા રેતી પ્રશ્નને લઈને રજૂઆત કરાઈ તેમજ અન્ય અરજદારો દ્વાર એસ.ટી. મફત પ્લોટ,.રેશનકાર્ડ વિધવા સહાય,જેવા પ્રશ્નો રજૂ થતા ડીડીઓ દ્વારા સ્થળ પર જે તે વિભાગના અધિકારીઓ તેમજ અરજદારોના પ્રશ્નો સાંભળી નિરાકરણ કરવામાં અને અધિકારીઓને સૂચના આપવામાં આવેલ આ તકે લીલીયા ઈન્ચાર્જ મામલતદાર રાદડિયા તેમજ પ્રશ્નોને લગતા અધિકારીઓ ઉપસ્થિત રહેલ ત્યારબાદ દ્વારા લીલીયા તાલુકા પંચાયત કચેરી ખાતે ડીડીઓ દિનેશ ગુરવ દ્વારા મુલાકાત કરી તાલુકા પંચાયતમાં ચાલતી કામગીરીની સમીક્ષા તેમજ અરજદારોના પ્રશ્નો સાંભળવામાં આવેલ આ તકે ડીડીઓ હેતલબેન કટારા ટીડીઓ કિશોરભાઈ આચાર્ય ભીખાભાઈ ધોરાજીયા લીલીયા તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભી ગૌતમભાઈ વિછીયા પ્ર.પ્ર.કાનજીભાઈ નાકરાણી તાલુકા પંચાયત સદસ્યો ઘનશ્યામભાઈ મેઘાણી જયસુખભાઈ સુરાણી હસમુખભાઈ પોલરા સહિતના આગેવાનો લીલીયા તાલુકા પંચાયત કચેરી ખાતે ઉપસ્થિત રહેલ તેમ ઈમરાન પઠાણની યાદીમાં જણાવેલ છે.

## શેડુભાર આરોગ્ય કેન્દ્ર દ્વારા જશવંતગઢ ખાતે આભા કાર્ડ અને આયુષ્યમાન કાર્ડ કેમ્પ યોજાયો

### મોટી સંખ્યામાં લાભાર્થીઓએ લાભ લીધો

અમરેલી, તા. ૨૯

ગુજરાત સરકાર દ્વારા હાલમાં ચાલી રહેલ આયુષ્યમાન ભવઃ કાર્યક્રમની ઉજવણી જશવંતગઢ મુકામે કરવામાં આવલ છે. જે અંતર્ગત તાલુકા હેલ્થ ઓફિસર ડો. આર.કે. સિન્હા તથા પ્રા.આર.કેન્દ્રનાં મેડિકલ ઓફિસર પ્રિયાંક ધોળકિયા આયુષ મેડિકલ ઓફિસર જે.ટી. બોરીચાનાં પ્રયત્નથી ગુજરાત સરકાર દ્વારા આયુષ્યમાન ભવઃ ઉજવણી નિમિત્તે જશવંતગઢ ગામે એન.સી.ડી. કેમ્પ તા.૨૩/૯/૨૦૨૩નાં રોજ યોજવામાં આવેલ હતા. જેમાં જશવંતગઢ ગામના હાયપર ટેન્શન તેમજ ડાયાબીટીશનાં દર્દીઓની તપાસ કરવામાં આવેલ તેમજ જરૂરી દવાઓ વિતરણ કરવામાં આવેલ અને સાથોસાથ જશવંતગઢ ગામ લોકોનાં આભાકાર્ડ અને આયુષ્યમાન કાર્ડ પણ રીન્યુઅલ કરવામાં આવેલા. આ કાર્યક્રમને સફળ બનાવવા ડો. હેતલબેન કુબાવત અને આરોગ્ય કાર્યકર વિજયભાઈ શેતરણીયાની સંયુકત યાદીમાં જણાવેલ છે. ઉપરોકત કેમ્પમાં કેમ્પને સફળ બનાવવા ગામના ફી.હે.વ. અને આશા બહેનો મારફત ભારે જહેમત ઉઠાવી હતી.

પાના ૮ ઉપરનું ચાલું **જામકા ગામે યુવતીને ઘરમાં બોલાવી**

રહેતા વિનુભાઈ બચુભાઈ રાઠોડ નામનાં ઈસમે ઘરમાં વાછરડી ઘુસી ગઈ છે તેમ કહી બોલાવી યુવતીનું બાવડુ પકડી છેડતી કરતાં યુવતીએ બાવડુ છોડાવતા આરોપીએ પાઈપ વડે યુવતીને ઈજા કરી તથા તેણીની માતા વચ્ચે છોડાવવા જતાં તેમને પણ આરોપીએ પાઈપ મારી ઈજા કરી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલી ખાતે વિહિપ અને બજરંગ દળ દ્વારા**

મળશે. અત્યાર સુધી એર ઈન્ડિયામાં મહિલા ક્રૂ મેમ્બર્સ સાડી પહેરેલી જોવા મળી રહી છે.પરંતુ હવે તેમના માટે એક નવો યુનિફોર્મ તૈયાર કરવામાં આવી રહ્યો છે.ખાસ વાત એ છે કે તેની એર ઈન્ડિયાએ પ્રખ્યાત ફેશન ડિઝાઈનર મનીષ મલ્હોત્રા સાથે ભાગીદારીની જાહેરાત કરી છે.

ખરેખર,આ વર્ષે નવેમ્બર સુધીમાં એર ઈન્ડિયાના સ્ટાફને નવો યુનિફોર્મ મળી જશે. હવે ફલાઈટ અટેન્ડન્ટસ સાડીમાં જોવા નહીં મળે, પરંતુ તેમના માટે એક નવો લૂક તૈયાર કરવામાં આવ્યો છે. મનીષ મલ્હોત્રા એર ઈન્ડિયાના ૧૦,૦૦૦થી વધુ કર્મચારીઓ માટે નવો યુનિફોર્મ ડિઝાઈન કરશે. આ કર્મચારીઓમાં કેબિન ક્રૂ,કોકપિટ ક્રૂ,ગ્રાઉન્ડ અને સિકયોરિટી સ્ટાફનો સમાવેશ થાય છે.

નવેમ્બર બાદ એરઈન્ડિયાનો તમામ સ્ટાફ એક અલગ લૂકમાં જોવા મળ વાનો છે,ગ્લોબલ માર્કેટમાં પોતાની હાઈટેક ઈમેજ બનાવવા માટે એર ઈન્ડિયામાં આ ફેરફારો કરવામાં આવી રહ્યા છે. એટલું જ નહીં વિસ્તારા એરલાઈનનો યુનિફોર્મ પણ એર ઈન્ડિયાના કર્મચારીઓ જેવો જ હશે.એક રિપોર્ટ મુજબ છેલ્લા છ દાયકા બાદ એર ઈન્ડિયાનો યુનિફોર્મ બદલવામાં આવ્યો છે.

એર ઈન્ડિયાના સીઈઓ અને એમડી કેમ્પબેલ વિલ્સને જણાવ્યું હતું કે,એર ઈન્ડિયાને વિશ્વમાં આગળ વધારવા માટે મનીષ મલ્હોત્રા સાથે ભાગીદારી કરીને એર ઈન્ડિયાને આનંદ થાય છે. અમે મનીષ અને તેની ટીમ સાથે મળીને અમારી બ્રાન્ડ, અમારા વારસા અને અમારી સંસ્કૃતિના તત્વોને એરલાઈનના વાતાવરણની અનન્ય આવશ્યકતાઓ સાથે જોડવા માટે નજીકથી કામ કરી રહ્યા છીએ, જે અમને આશા છે કે અમને એક નવો અને ઉન્નત દેખાવ આપશે જે પરિવર્તનને ટેકો આપશે અને તેનું પ્રતિનિધિત્વ કરશે.

મહત્વનું છે કે,ગયા મહિને ટાટા ગ્રુપના અધિગ્રહણ બાદ રિબ્રાન્ડિંગના ભાગરૂપે નવી એર ઈન્ડિયા લોકો માટે રજૂ કરવામાં આવી હતી. હવે એર ઈન્ડિયાના વિમાનો પર તેના નામ નવી સ્ટાઈલમાં દેખાશે.નવો લોગો એ એરલાઈન્સના આઈકોનિક મસ્કત મહારાજા માસ્કોટનું આધુનિક સંસ્કરણ છે.એરલાઈને એક નિવેદનમાં જણાવ્યું હતું કે,એર ઈન્ડિયાનો નવો લોગો 'ધ વિસ્ટા અમર્યાદિત સંભાવનાઓ અને પ્રગતિનું પ્રતીક છે.

ટાટા સન્સના ચેરમેન એન ચંદ્રશેખરને કહ્યું, છેલ્લા ૧૨ મહિનામાં અમે એક મજબૂત ટીમ બનાવી છે.અમે એરલાઈનના તમામ કર્મચારીઓને અપગ્રેડ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ. અમે અમારા એરક્રાફટને સુધારવાની દિશામાં સતત કામ કરી રહ્યા છીએ, જેથી તેને વૈશ્વિક ધોરણો અનુસાર તૈયાર કરી શકાય. દરમિયાન ટાટા ગ્રૂપના હાથમાં આવતા જ એવિએશન માર્કેટમાં એર ઈન્ડિયાનો હિસ્સો સતત વધી રહ્યો છે. ખાનગીકરણ સમયે એવિએશન માર્કેટમાં એર ઈન્ડિયાનો હિસ્સો ૧૦ ટકાથી ઓછો હતો,પરંતુ હવે તે વધીને ૨૬થી ૨૭ ટકા થઈ ગયો છે. આ ઉપરાંત, જુલાઈ–ઓગસ્ટ ૨૦૨૪ની આસપાસ શરૂ થનારા વાઈડ બોડી એરક્રાફટના રિ–ફિટિંગ માટે ૪૦૦ મિલિયન ડોલર ફાળવવામાં આવશે.જે બાદ ઈન્ટિરિયરને પણ વર્લ્ડ કલાસ સ્ટાન્ડર્ડમાં અપગ્રેડ કરવામાં આવશે.આમાંના કેટલાક ફેરફારોમાં નવી બેઠકો,નવી ઈન – ફલાઈટ મનોરંજન પ્રણાલી,નવા બાથરૂમ વગેરેનો સમાવેશ થાય છે.

આ બધાની વચ્ચે એર ઈન્ડિયાના કાફલામાં વિમાનોની સંખ્યા સતત વધી રહી છે.આ વર્ષે જૂનમાં,એર ઈન્ડિયાએ એરબસ અને બોઈંગ પાસેથી ૪૭૦ વિમાનો ખરીદવા માટે પરચેઝ મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ (એમઓયુ) પર હસ્તાક્ષર કર્યા હતા.આ ડીલને ઉડ્ડયન ઈતિહાસમાં અત્યાર સુધીનો સેથી મોટો એરક્રાફટ ઓર્ડર માનવામાં આવે છે.

પાના ૧ ઉપરનું ચાલું **ધારીનાં દેવળા ગામ નજીકથી**

માંજરીયા(રહે. માણાવાવ તા. ધારી) વાળા આપી જતાં જે કુલ ઈંગ્લિશ દારૂની બોટલ નંગ–૧૫ કિંમત રૂપિયા ૪૫૦૦ તથા મોટર સાયકલ નં. જી.જે. ૫ ડી.એસ. ૪૭૯૭ કિંમત રૂપિયા ૫૦૦૦ ગણી કુલ પ્રોહી. મુદ્દામાલ રૂપિયા ૯૫૦૦નાં મુદ્દામાલ સાથે બે પકડાઈ જઈ અને ત્રીજો આરોપી હાજર નહી આવી ગુન્હાની ફરિયાદ નોંધાઈ છે.

પાના ૮ ઉપરનું ચાલું **લીલીયા પોલીસ સ્ટેશનમાં**

તરફથી સારા પ્રતિભાવો મળેલ હોય તેમજ ટ્રાફીક એવરનેસ અંગે માહીતી આપવામા આવેલ તથા તે લગત પેપ્લેટ વિતરણ તથા સાઈબર ક્રાઈમ લગત થતા ફ્રોડ અંગે જનજાગૃતિ સેમીનાર કરવામાં આવેલ અને સાઈબર ફ્રોડથી કઈ રીતે બચવુ તે અંગે માર્ગદર્શન પુરૂ પાડી સાઈબર ક્રાઈમના પેમ્લેટ વિતરણ કરવામા આવેલ તેમજ જનજાગૃતિ તથા વડીલોની સંભાળ અંગે સી ટીમની રચના કરેલ હોય. જેમા કોઈ વૃધ્ધો નિઃસહાય વડીલો તથા સિનીયર સિટીઝન લોકોને મદદરૂપ થવા સારૂ કામગીરી અંગે જન જાગૃતિ અંગે માહિતી આપવામાં આવેલ અને લોકોને પડતી મુશ્કેલીઓનુ નિરાકરણ લાવવા અને સકારાત્મક અભિગમ મેળવી જાહેર જનતાને પોલીસ કાર્યરીતીથી વાકેફ કરવામા આવેલ. તેમજ કોઈ ગામો કે કોઈ વિસ્તારોમા જાહેર ગેરકાયદેસર દારૂ–જુગાર જેવી અસામાજીક પ્રવૃત્તિ ચાલતી હોય તો તુર્તજ પો.સ.ઈ એસ.આર. ગોહીલ લીલીયાનાઓને જાણ કરવા અનુરોધ કરવામાં આવેલ હતો.

આ તકે લીલીયા ગામના આગેવાનો અને જાહેર હોદેદારો તથા હાજર રહેલ જાહેર જનતાનો પીએસઆઈ એસ.આર. ગોહીલનાઓએ આભાર વ્યકત કરેલ છે. કોઈ પણ બાબતે મદદરૂપ થવા અને પોલીસ પ્રજાનો મિત્ર હોવાનુ ઉદાહરણ પુરૂ પાડેલ છે અને જાહેર જનતાને કોઈ પણ કામકાજ અર્થે નિચે મુજબના નંબરોનો સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવેલ હતો. જેમાં લીલીયા પીએસઆઈનો મોબાઈલ નંબર ૭૬૦૦૧ ૬૯૮૦૫ તેમજ લીલીયા પો.સ્ટેશનનો કોન્ટેક નંબર ૦૨૭૯૩ ૨૩૭૫૪૨ પર જાહેર જનતાએ જાણ કરવા આહવાન કરવામાં આવેલ. તેમ ઈમરાન પઠાણની યાદીમાં જણાવેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલીનાં ગરીબ વિદ્યાર્થીઓ માટે**

તે રકત દર્દીનારાયણનાં હિતમાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીને અર્પણ કરવામાં આવેલ હતું.

આજનાં અભિવાદન સમારોહથી પ્રેરાઈને સ્વપ્ન દ્રષ્ટા પી.પી. સોજીત્રાએ ઐતિહાસિક જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, શહેરનાં ગરીબ પરિવારોનાં બાળકોનાં અભ્યાસ અર્થે પી.પી. સોજીત્રા ફાઉન્ડેશનની રચના કરવામાં આવશે. તેમાં રૂપિયા એક કરોડ ફાળવીને તે રકમ બેન્કમાં ફિકસમાં મુકીને દર વર્ષે ૧૨ લાખ રૂપિયાનું વ્યાજ મળશે. તેનો ઉપયોગ ગરીબ વિદ્યાર્થીઓને શિક્ષણ અર્થે ફાળવવામાં આવશે.

આમ અમરેલીનાં ઈતિહાસમાં વ્યકિતગત ધોરણે ફાઉન્ડેશનની રચના કરીને અધધ એક કરોડ જેવી રકમ કોઈ ધારાસભ્ય કે સાંસદે ફાળવી નથી તેવું કાર્ય સ્વપ્ન દ્રષ્ટાએ જાહેર કરીને જનસેવા માટે તેઓ કટીબધ્ધ હોવાનો પુનરોચ્ચાર કર્યો હતો.

તેઓની ઉપરોકત જાહેરાતને ઉપસ્થિત હજારોની જનમેદનીએ તાલીઓનાં ગડગડાટથી વધાવી લીધો હતો અને પી.પી. સોજીત્રા જ શહેરનાં વિકાસ દ્રષ્ટા છે અને રહેશે તે સાબિત થયાનું સૌ માની રહ્યું હતું.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલી તથા આજુબાજુનાં વિસ્તારોમાં**

સાથે અચાનક જ બઘડાટી સાથે વરસાદ પડી ગયો હતો. ગણતરીની મીનિટોમાં જ દે ધનાધન શરૂ થઈ જતાં અમરેલીનાં અનેક માર્ગો ઉપર પાણી વહી રહ્યા હતા.

અમરેલી શહેરમાં ૧ ઈંચ જેટલો વરસાદ પડે છે તો પણ માર્ગ અને શેરી–ગલ્લીઓમાં પાણી સમાતા ન હોય. ત્યારે જો કોઈક દિવસ એકી સાથે સાત–આઠ કે દશ ઈંચ વરસાદ પડીજશે તો લોકોનાં જાનમાલની પણ નુકસાની થઈ શકે તેમ હોય પાલિકાએ ભૂગર્ભ ગટર તથા પાણીનાં વહેણ ઉપર થયેલ દબાણો દૂર કરવા પગલા ભરવા પણ લોકોમાં માંગ ઉભી થવા પામેલ છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મઠડી | ૯૦૦ | ૧૩૧૩ |
| ૨ | શીંગ મોટી | ૯૫૦ | ૧૩૬૫ |
| ૩ | શીંગ નવી જુની | ૧૨૦૦ | ૧૪૦૧ |
| ૪ | તલ સફેદ | ૩૦૫૦ | ૩૩૦૪ |
| ૫ | તલ કાળા | ૩૦૦૦ | ૩૪૪૦ |
| ૬ | જીરૂ | ૧૦૦૦૦ | ૧૧૦૦૧ |
| ૭ | કપાસ | ૧૧૫૧ | ૧૫૫૧ |
| ૮ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૬૫ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૦૭ | ૫૯૪ |
| ૧૦ | બાજરો | ૩૩૫ | ૪૦૦ |
| ૧૧ | જુવાર | ૭૫૦ | ૧૦૧૧ |
| ૧૨ | કપાસ જુનો | ૧૨૫૧ | ૧૫૯૨ |
| ૧૩ | ચોળી | – | ૨૦૦૦ |
| ૧૪ | અડદ | ૧૫૫૧ | ૧૭૫૦ |
| ૧૫ | ચણા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૧૬ | તુવેર | ૧૯૦૦ | ૨૧૪૮ |
| ૧૭ | એરંડી | ૧૧૫૨ | ૧૧૭૨ |
| ૧૮ | મેથી | ૧૦૪૫ | ૧૧૪૦ |
| ૧૯ | ધાણા | ૧૦૦૦ | – |
| ૨૦ | સોયાબીન | ૮૫૦ | ૮૮૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૫૭૦ |
| ૨ | ચણા | ૮૩૦ | ૧૨૨૩ |
| ૩ | અડદ | ૧૩૦૦ | ૧૭૯૦ |
| ૪ | વાલ | ૨૪૦૦ | ૨૪૦૦ |
| ૫ | જુવાર | ૯૨૦ | ૯૫૦ |
| ૬ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૩૪ |
| ૭ | બાજરો | ૩૩૧ | ૩૩૧ |
| ૮ | મગફળી | ૯૩૫ | ૧૨૮૦ |
| ૯ | તુવેર | ૧૬૯૦ | ૧૮૧૦ |
| ૧૦ | ધાણા | ૮૨૫ | ૧૧૪૫ |
| ૧૧ | તલ સફેદ | ૨૯૩૦ | ૩૧૭૦ |
| ૧૨ | સોયાબીન | ૭૪૦ | ૮૭૩ |
| ૧૩ | મગ | ૧૧૬૦ | ૧૨૦૫ |
| ૧૪ | શીંગદાણા | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ૧૫ | એરંડી | ૧૧૮૦ | ૧૧૮૦ |
| ૧૬ | મકાઈ | ૩૬૫ | ૩૬૫ |
| ૧૭ | મઠ | ૬૩૫ | ૬૩૫ |
| ૧૮ | લસણ | ૧૨૧૧ | ૧૫૨૫ |
| ૧૯ | ચણા છોલે | ૧૮૩૫ | ૧૮૩૫ |
| ૨૦ | તલ કાળા | ૩૨૨૫ | ૩૨૨૫ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૮૦ | ૧૫૭૨ |
| ૨ | તલ સફેદ | ૨૯૪૦ | ૩૩૬૦ |
| ૩ | મગ | ૧૫૭૫ | ૨૧૨૫ |
| ૪ | અડદ | ૧૫૪૫ | ૧૯૫ |
| ૫ | ઘઉં | ૪૩૦ | ૫૪૦ |
| ૬ | ચણા | ૯૨૧ | ૧૧૪૯ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૨૯૫૧ | ૩૧૧૧ |
| ૨ | તલ કાળા | ૨૭૦૦ | ૨૭૦૦ |
| ૩ | કપાસ | ૯૦૦ | ૧૫૩૦ |
| ૪ | બાજરો | ૩૮૦ | ૪૧૯ |
| ૫ | ઘઉં ટુકડા | ૩૮૦ | ૫૪૨ |
| ૬ | જુવાર | ૬૫૦ | ૧૧૧૪ |
| ૭ | મકાઈ | ૬૧૦ | ૬૧૦ |
| ૮ | ખડબી | ૮૦૦ | ૮૦૦ |
| ૯ | ચણા | ૯૫૦ | ૧૧૩૫ |
| ૧૦ | અજમા | ૨૫૦૦ | ૨૫૦૦ |
| ૧૧ | ધાણા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૨ | શીંગદાણા | ૧૫૮૦ | ૧૫૮૦ |
| ૧૩ | સોયાબીન | ૮૦૦ | ૮૦૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૯૫૧ | ૧૬૦૦ |
| ૨ | ચણા | ૧૧૦૫ | ૧૧૦૫ |
| ૩ | તલ સફેદ | ૩૧૭૧ | ૩૧૭૧ |
| ૪ | જુવાર સફેદ | ૯૫૧ | ૯૫૧ |
| ૫ | સોયાબીન | ૮૯૦ | ૮૯૦ |
| ૬ | રાય | ૧૦૩૧ | ૧૦૩૧ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૯૩૫ | ૧૫૧૫ |
| ૨ | મગફળી | ૧૧૪૦ | ૧૨૧૫ |
| ૩ | ઘઉં | ૪૪૮ | ૫૨૫ |
| ૪ | તુવેર | ૧૮૦૦ | ૧૮૦૦ |
| ૫ | ધાણા | ૧૧૩૦ | ૧૧૩૦ |
| ૬ | અડદ | ૧૬૫૦ | ૧૮૮૦ |
| ૭ | એરંડા | ૯૪૦ | ૧૦૯૦ |

### જુમા મસ્જિદથી ઝુલુસનો થયો પ્રારંભ

# બગસરા ખાતે ઈદે મિલાદની મુસ્લિમ બિરાદરો દ્વારા ઉજવણી

### સ્થાનિક પોલીસે ચાંપતો બંદોબસ્ત ગોઠવ્યો



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨૯

બગસરામાં ઈદે મિલાદની આસથાભેર મુસ્લિમ બિરાદરો દ્વારા ઉજવણી કરવામાં આવી હતી જેમાં બગસરાના જુમ્મા મસ્જિદથી ઝુલુસ કાઢવામાં આવ્યું હતુ. જેમાં કુકાવાવ નાકા વિજય ચોક ગોંડલીયા ચોક શિવાજી ચોક આરબવાડ નદીપરા કુકાવા નાકે થઈ ફરી ઘાંચી સમાજ સમગ્ર મુસ્લિમ સમાજ એકત્ર થઈ ન્યાજ લીધો હતો આ જુલુસમાં ઠેર ઠેર ઠંડા પીણા ચા નાસ્તાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ પોલીસ દ્વારા ડીવાયએસપી ભંડારી તથા પીઆઈ ગીડા દ્વારા પોલીસ બંદોબસ્ત આયોજન કરાયું હતું અને શાંતિપૂર્ણ માહોલ વચ્ચે ઈદ–એ – મિલાદની બગસરામાં ધામધૂમથી ઉજવણી કરાઈ હતી જેમાં બહોળી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો જોડાયા હતા.

### પેરા મોટર બનાવીને સ્વપ્ન સાકાર કર્યુ

# સલડીનાં ખેડૂત યુવકની આકાશે આંબવાની ઝાંખનાં પૂર્ણ થઈ

મતિરાળા, તા.૨૯

અમરેલીનાં સલડી ગામે રહેતા ખેડૂત પરિવારનાં યુવક હર્ષદ બાવચંદભાઈ માદળીયા (ઉ.વ.૩૯) જે ધોરણ દશ સુધી ભણીને આઈક્રીમ બનાવવાનાં વ્યવસાય સાથે જોડાયા બાદ મનમાં સતત આકાશે ઉડવાનો સ્વપ્ન હતા.

જે એકાદ મહિનાંાા પહેલા પુરા થયા વાત જાણે એમ બની કે હર્ષદને કંઈ નવું કરવાનું ગમે એટલે તેમણે પેરા મોટર બનાવવાનું નકકી કર્યુ બે વરસની



મહેનત બાદ સફળતા હાથે લાગી બે વખત નિષ્ફળ ગયા બાદ ત્રીજા પ્રયત્ને પેરા મોટર માં સફળતા સાપડી દિલ્હી અને બંગ્લોર થી પોર્ટસ મંગાવ્યા હતા. તેમજ જુદા–જુદા શહેરમાંથી જરૂરી પાર્ટસ મંગાવી ને પેરા મોટર મશીન તૈયાર કર્યુ. જે પેટ્રોલથી ચાલે છે. વજન ૭૦ કિલી છે.

કેપેસીટી ૨૩૦ કિલો વજન ઉપાડવાની છે. આનો ખાસ ઉપયોગ આર્મી કોઈ જગ્યા એવી જગ્યાએ જઈ ન શકે તેમ હોય તે જગ્યાએ જવા માટે હોય છે. લગ્ન પ્રસંગે ફુલહાર કરવા માટે તથા ખેતીવાડીમાં દવા છંટકાવ માટે પણ ઉપયોગ માં ઈલ શકાય છે.

હર્ષદભાઈ એ આને ઉડાડવાની ટ્રેનિંગ હિમાચલ પ્રદેશમાંથી લીધી છે.

મિનિસ્ટ્રી ઓફ ડિફેન્સમાં લીધી હતી. ત્યાંની સરકાર સ્પોર્ટસ એકિટવીટી બાબતે સારો સહકાર આપે છે.

### આંગણવાડી બહેનો દ્વારા

# જાફરાબાદ ખાતે સંકલિત બાળ વિકાસ અંતર્ગત વાનગી સ્પર્ધા યોજાઈ



તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

જાફરાબાદ, તા. ૨૯

જાફરાબાદ આઈ.સી. ડી.એસ. ઘટક જાફરાબાદ સેજામાં પોષણ માસ ૨૦૨૩ની ઉજવણી કરવામાં આવેલ છે.

એમાં જાફરાબાદ સેજાને મુખ્ય સેવિકા લીલાબેન ડી. જાદવ, મયુરીબેન બારૈયા કાર્યક્રમ કાર્યકર યુનિટ લીડર હિતેશભાઈ વાળા બ્લોક કોર્ડીનેટર તેમજ કિશોરીઓ ઉપસ્થિત રહેલ તેમજ કિશોરીઓ ઉપસ્થિત રહેલ તેમજ આઈ.સી. ડી.એસ. યોજનાનો લાભ લેવા માર્ગદર્શન આપવામાં આવેલ હતું.

### ગાંધીચોક યુવક મંડળ દ્વારા જયુશ વિતરણ

# વડિયા : મુસ્લિમ સમાજ દ્વારા ઈદે મિલાદની ઉજવણી

### પીએસઆઈ ડાંગર દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે થઈ ઉજવણી



વડિયા, તા. ૨૯

વડિયામાં મુસ્લિમ સમાજનાં મહંમદ પેગંબર સાહેબનાં જન્મદિવસ નિમિત્તે ઈદે મિલાદની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મુસ્લિમ સમાજ દ્વારા ઈદ–એ–મિલાદનાં પર્વ ને લઈને સાનોસોકતથી જુલુસ કાઢવામાં આવ્યું હતું. આ જુલુસ વડિયાનાં કૃષ્ણપરામાં આવેલી જુમ્મા મસ્જિદથી મુખ્ય બજારમાં થઈ ગેબનશાહપીરની દરગાહ સુધી ઈદે મિલાદની ઉજવણી કરાઈ હતી.

આ ઉજવણીમાં વડિયા મુસ્લિમ સમાજનાં પ્રમુખની આગેવાનીમાં સમસ્ત મુસ્લિમ સમાજનાં ભાઈ બહેનો જોડાયા હતા. જેમાં હનીફ મોગલ, અકિલ પઠાણ, અફઝલ સાડેકી, રાજુ પરીયટ સહિતનાં લોકોએ જહેમત ઉઠાવી હતી. આ જુલુસમાં ગાંધીચોક યુવક મંડળ દ્વારા જુલુસમાં સામેલ તમામ લોકોને જયુસ વિતરણ કરી હિન્દુ મુસ્લિમ એકતાનાં દર્શન કરાવ્યા હતા. આ વિતરણમાં ગાંધીચોક યુવક મંડળનાં રજની તેરૈયા, વિશાલ જોશી, દેવેન્દ્ર વાળા, જુનેદ ડોડીયા, સાહિલ મકવાણા સહિતનાં યુવાનો જોડાયા હતા. સમગ્ર ઉજવણીમાં વડિયા પોલીસનાં પી.એસ.આઈ. ડાંગર દ્વારા ચુસ્ત પોલીસ બંધોબસ્ત ગોઠવી શાંતિપૂર્ણ માહોલમાં ઈદે મિલાદની ઉજવણી થઈ હતી. જેમાં વડિયા પોલીસની સરાહનીય કામગીરી જોવા મળી હતી.

# જસદણ : વ્હોરા ધર્મગુરૂ ડો. સૈયદનાં આગામી વિકમાં રાજકોટમાં

જસદણ, તા.૨૯

એમના દર્શન માત્રથી વિનાલાખો બિરાદરો ધન્યતા અનુભવે છે તે વિશ્વભરના દાઉદી વ્હોરા સમાજના ૫૩ માં દાઈ (સર્વોચ્ચ ધર્મગુરૂ) નામદાર ડો.સૈયદના અબુ જાફરૂસ્સાદિક આલિકદર મુફદ્દલ સૈફૂદ્દીન (ત.ઉ.શ.) અઠવાડિયા પછી રાજકોટ સહીત સૌરાષ્ટ્રના મુખ્ય શહેરો અને ગામોમાં પધારવાના હોવાથી હજજારો દાઉદી વ્હોરા ભાઈ બહેનો અને બાળકોમાં ખુશાલીના ઘોડાપુર ઉમટયા છે. સૌરાષ્ટ્રના ગામોમા નામદાર ડો.સૈયદના સાહેબ લાંબા સમય બાદ રાજકોટ અને સૌરાષ્ટ્રના જામનગર ભાવનગર અમરેલી સુરેન્દ્રનગર બોટાદ મોરબી જુનાગઢ સહિતના જીલ્લાના કેટલાંક ગામોમાં પધરામણી કરવાના હોવાથી આ અંગે મોટા ભાગના ગામોમા સાફ સફાઈ અને જરૂરી સુવિધા અંગે તડામાર કામગીરી થઈ



રહી છે જો કે હજું સુધી ડો. સૈયદના સાહેબની પધરામણીનો કોઈ સત્તાવાર કાર્યક્રમ આવ્યો નથી પણ સૌરાષ્ટ્રના ઘણાં ગામો જે વ્હોરા સમુદાયના વસવાટવાળા હોય ત્યાં જબરજસ્ત તૈયારીઓ થઈ રહી છે વિશ્વ શાંતિદૂત ડો.સૈયદના સાહેબની ભવિષ્યની દિર્ઘદ્રષ્ટિ થકી દુનિયાભરના વ્હોરા સમાજએ જે આગવી ઓળખ ઉભી કરી છે તેને કારણે દેશ પ્રદેશનો ઘણો વિકાસ થયો છે આવાં રહેબર રાજકોટ સહીત સૌરાષ્ટ્રના ગામોમા પધારતા હોવાથી વ્હોરા બિરાદરોમાં ખુશાલીના ઘોડાપુર ઉમટયા છે.

### જિલ્લા કોંગી પ્રમુખ ડી.કે. રૈયાણી દ્વારા


# અમરેલી જિલ્લા પંચાયતનાં વિપક્ષી નેતા અને ઉપનેતા પદે કોંગી સદસ્યોની વરણી

### કોંગી આગેવાનો દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી

અમરેલી, તા. ૨૯

અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિ ખાતે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ડી.કે. રૈયાણી દ્વારા અમરેલી જિલ્લા પંચાયતનાં કોંગ્રેસ પક્ષનાં તમામ ચૂંટાયેલા સદસ્યોની મીટીંગનું આયોજન કરવામાં આવેલ હતું. આ મીટીંગમાં જિલ્લા પંચાયત કોંગ્રેસ સદસ્ય પ્રભાતભાઈ કોઠીવાળ, રાણેશ્રીબેન લાખનોત્રા, ઉપેન્દ્રભાઈ બોરીસાગર, જયરામભાઈ કાછડ,ગૌતમભાઈ વસાવા, ચંદુભાઈ વાગડીયા ઉપસ્થિત રહ્યાં હતાં.

આ મીટીંગમાં અમરેલી જિલ્લા પંચાયતની નવી ટર્મ માટે કોંગ્રેસ પક્ષ દ્વારા નવા નેતા વિપક્ષ, ઉપનેતા અને દંડકની નિમણુક માટે ચર્ચા વિચારણા થયેલ હતી. જિલ્લા પ્રમુખ શ્રી ડી.કે. રૈયાણી ની ઉપસ્થિતિમાં જિલ્લા પંચાયત અમરેલીનાં કોંગ્રેસ પક્ષનાં ચૂંટાયેલ તમામ સદસ્યો દ્વારા સર્વાનુમતે નેતા વિપક્ષ તરીકે જિલ્લા પંચાયત સદસ્ય અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં 'હાથ સે હાથ જોડો' અભિયાનનાં સહ કન્વીનર અને લોક







પ્રશ્ને સદાય લડાયક નેતા એવા પ્રભાતભાઈ કોઠીવાળ, ઉપનેતા તરીકે શ્રી ચંદુભાઈ વી.વાગડીયા (માઈકલ) અને દંડક તરીકે ગૌતમભાઈ બી.વસાવાની પસંદગી કરવામાં આવેલ છે. કોંગ્રેસ પક્ષનાં તમામ જિલ્લા પંચાયત સદસ્યોએ જિલ્લા પ્રમુખ ડી.કે. રૈયાણીને નવી ટર્મમાં તમામ સદસ્યોએ એકસૂત્રતાથી પ્રજાનાં પ્રશ્નો જિલ્લા પંચાયતમાં ઉઠાવી કામગીરી કરવા વિશ્વાસ વ્યકત કર્યો હતો. આ મીટીંગમાં યુથ કોંગ્રેસ પ્રમુખ દેવરાજ બાબરીયા તથા અમરેલી વિધાનસભા યુથ કોંગ્રેસ પ્રમુખ મોનીલ ગોંડલિયા તથા ઈરફાનભાઈ બોઘાણી, કાર્યાલય મંત્રી જમાલભાઈ મોગલ ઉપસ્થિત રહ્યાં હતાં.

# અમરેલીની રૂપાયતન પ્રાથમિક શાળા દ્વારા આર.સી.સી. કેડેટ્સનો સાઈકલ પ્રવાસ યોજાયો



અમરેલી, તા. ૨૯

સ્વામી વિવેકાનંદ વિદ્યાભારતી ટ્રસ્ટ સંચાલિત શ્રીમતિ પી.એન. વોરા વિદ્યાનિકેતન પ્રા.શાળા રૂપાયતનનાં આર.સી.સી. (રૂપાયતન કેડેટ્સ કોર્પસ)નો ખોડિયાર મંદિરનો(૩ કિ.મી.) સાઈકલ પ્રવાસ યોજાઈ ગયો. જેમાં ધો. ૫, ૬,૭,૮નાં ૫૦ ભાઈ–બહેનો સહભાગી બનેલ.

આ માત્ર પ્રવાસ નહોતો. ટ્રાફિક નિયમન, રસ્તમાં સ્વયં શિસ્ત પાળવી. હાઈવે હોવાથી ભારે વાહનોથી સંભાળવું.

શિસ્તબદ્ધ રીતે રસ્તાની ડાબી બાજુએ સાઈકલ ચલાવવી વિગેરે નિયમોને ધ્યાનમાં રાખી આર.સી.સી. કેડેટ્સ સવારે ૮:૩૦ કલાકે સ્પોર્ટસ સંકુલથી પ્રયાણ કરેલ ૯:૩૦ કલાકે મંદિરે પહોંચી દર્શન, આરતી કરેલ. ગરબા રમ્યા, રમતો રમ્યા, બહેનોએ મંદિરની સફાઈ કરી ૧૦:૩૦ કલાકે ભેગા બેસી સંપીને નાસ્તો કર્યો. ત્યારબાદ બાપુનાં આશીર્વાદ મેળવી પરત આવવા નીકળ્યા. વચ્ચે શકિત કોટન જીનીંગની મુલાકાત લીધી. માલિક ધર્મેશભાઈએ કપાસમાંથી રૂની ગાંસડી તૈયાર થાય તેવા મશીનોની પ્રક્રિયા બતાવી બધાને આશ્ચર્ય થયેલું ૧૧:૩૦ કલાકે બધાં વિદ્યાર્થીઓ હેમખેમ સ્પોર્ટસ સંકુલે પરત આવી પોત પોતાનાં ઘેર ગયેલ. રૂપાયતન ટ્રસ્ટનાં માનદ્મંત્રી રવજીભાઈ કાચા પોતે એન.સી.સી. ઓફિસર રહી ચૂકેલ. એટલે રૂપાયતનનાં બાળકોને પણ એન.સી.સી. જેવી તાલીમ મળી રહે એટલા માટે એન.સી.સી. ઓફિસર રહી ચૂકેલ એટલે રૂપાયતનનાં બાળકોને પણ એન.સી.સી. જેવી તાલીમ મળી રહે એટલા માટે આર.સી.સી. (રૂપાયતન કેડેટ્સ કોર્પસ) યુનિટ છેલ્લા ત્રણ વર્ષથી જાત દેખરેખ નીચે શરૂ કરેલ છે. દર શનિવાર–રવિવારે તાલીમ આપી રાષ્ટ્રનિર્માણ માટે યુવાનોને તૈયાર કરવાની નેમ ધરાવે છે. એમ. આચાર્યા ભારતીબેન ગોહિલની યાદીમાં જણાવેલ છે.


# ઉનામાં ચંદ્રકિરણ ગૃપ દ્વારા સ્થાપન કરાયેલા ગણેશજીનું ડીજેનાં તાલ સાથે વિસર્જન











તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના.

ઉના શહેરમાં ચંદ્રીકરણ ગૃપ દ્વારા ગણેશ મહોત્સવની નવ દિવસ દરમિયાન ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જયાં ગુરૂવારે સાંજનાં સમયે ત્રિકોણબાગથી ભગવાન ગણેશજીની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી અને નવાબંદર ખાતે આવેલા દરિયામાં વિસર્જન કરવામાં આવ્યું હતું. ઉના શહેરમાં ચંદ્રીકરણ સોસાયટીમાં એ. કે. ગૃપ દ્વારા વર્ષોથી ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. નવ દિવસ દરમિયાન મહોત્સવનું આયોજન કરવામાં આવે છે અને ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવે છે. ગણેશ ચતુર્થીનાં દિવસે ગણેશજી ભગવાનની મંત્રોચ્ચાર સાથે સ્થાપના કરવામાં આવી હતી. તેમજ ઉના શહેરનાં અનેક વિસ્તારોની ગણેશજીની સ્થાપના કરવામાં આવી હતી. જયાં નવ દિવસ બાદ ગુઢવારે અનેક વિસ્તારોમાંથી ગણેશજીની મૂર્તિ લઈને નવાબંદર ગામે આવેલા દરિયામાં ગણેશજીનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

## કરીયાણા ગામ જવાનાં માર્ગ પર એક મંદિર નજીક નવી વીજ લાઈન કાઢવામાં આવી

# લ્યો બોલો : બાબરા પંથક પંથકમાં મનાઈ હુકમ છતાં પવનચક્કીને લગત કામગીરી શરૂ

**છેલ્લા ૩થી ૪ દિવસમાં ૯થી ૧૧ જેટલા વીજપોલ ઉભા કરવામાં આવ્યા હોવાની ચર્ચા શરૂ થઈ**

**જાગૃત નાગરિક ગજેન્દ્ર શેખવાએ વિડીયો અને ફોટોગ્રાફી કરીને તંત્રનું ધ્યાન દોર્યુ**

**પ્રાંત અધિકારીનાં આદેશની અવગણનાં થયાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાતું હોય તપાસ જરૂરી**

**જો મનાઈ હુકમનો ભંગ થયો હોય તો પ્રકૃતિનાં હિતમાં કાર્યવાહી કરવી જરૂરી બની**





અમરેલી, તા. ૨૯

બાબરા-લાઠી પંથકમાં ''પવનચકકી''નાં માધ્યમથી વીજળી ઉત્પન્ન કરવાની લ્હાયમાં પર્યાવરણ, માર્ગોને વ્યાપક નુકસાન અને કોન્ટ્રાકટ બાબતે કાયદો અને વ્યવસ્થાની કથળતી હાલતની ફરિયાદ ઉભી થઈ રહી હોય પ્રાંત અધિકારીએ નિયમોનો ભંગ કરીને ઉભી થતી ''પવનચકકી''ને લગત તમામ કામગીરી ન કરવા આદેશ કર્યો હોય તેનો ભંગ થતો હોવાનું જાગૃત નાગરિક ગજેન્દ્ર શેખવાએ જણાવેલ છે.

તેઓએ જણાવેલ છે કે, છેલ્લા ૩ દિવસથી બાબરાથી કરીયાણા જતાં માર્ગ પર રામપરા ઓગન સામે સોનપરી મહાદેવ મંદિરની સામે ધાર કાપીને જે માર્ગ નીકળી રહ્યો છે ત્યાં નવી વીજલાઈન કાઢવામાં આવી રહી છે અને ૯થી ૧૧ જેટલા વીજપોલ ઉભા કરવામાં આવ્યા હોય પર્યાવરણનાં હિતમાં તટસ્થ તપાસ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી રહી છે.

### હવે સાડી નહી પહેરે

## એર ઈન્ડિયાની મહિલા કર્મચારીઓ નવા યુનિફોર્મમાં જોવા મળશે

**પ્રખ્યાત ડિઝાઈનર મનિષ મલ્હોત્રા નવો લુક આપશે**



**(પ્રતાપ ખુમાણ દ્વારા)**

અમરેલી, તા. ૨૯

એર ઈન્ડિયા કંપની ટાટા પાસે પરત આવતા જ પરિવર્તનમાંથી પસાર થઈ રહી છે, હાલમાં જ એવા અહેવાલ આવ્યા છે કે, એર હોસ્ટેસ સહિત એર ઈન્ડિયાના તમામ કર્મચારીઓ હવે નવા યુનિફોર્મમાં જોવા

**અનુસંધાન પાના ૬ ઉપર**

### વડિયા નજીક આવેલ

## બાંટવા દેવળી ગામનાં ખેડૂતનું હાર્ટએટેક આવતા મોત

**ચાલુ બાઈકે એટેક આવ્યો**

વડિયા, તા. ૨૯

વડિયાના બાંટવા દેવળી ગામે વસવાટ કરતા અને ખેતી કામથી પોતાનું ગુજરાન ચલાવતા ખેડૂત વજુભાઈ ગોરધનભાઈ ગેવારીયા પોતાની વાડીએથી પોતાનું મોટર સાયકલ લઈને પરત પોતાના ઘરે આવતા હતા. ત્યારે ચાલુ મોટર સાયકલ પર હાર્ટ એટેક આવતા તેમને સારવાર અર્થે વડિયા સરકારી



હોસ્પિટલ ખાતે લાવતા તેને મૃત જાહેર કરવામાં આવતા સમગ્ર બાંટવા દેવળી ગામમાં શોકનુ મોજું ફરી વાળ્યું હતુ.

### ખાંભા નજીક આવેલ

## જામકા ગામે યુવતીને ઘરમાં બોલાવી બાવડુ પકડી છેડતી કરી માર માર્યો

**યુવતીની માતાને પણ પાઈપ મારી ઈજા કરી**

અમરેલી, તા. ૨૯

ખાંભા તાલુકાનાં જામકા ગામે રહેતી એક યુવતીને તેજ ગામે

**અનુસંધાન પાના ૬ ઉપર**

### સ્થાનિક પોલીસ અને ગામજનો વચ્ચે

## લીલીયા પોલીસ સ્ટેશનમાં ''ત્રણ વાત તમારી ત્રણ વાત અમારી'' કાર્યક્રમ યોજાયો

**ઉચ્ચ અધિકારીઓનાં માર્ગદર્શનતળે કાર્યક્રમ યોજાયો**

અમરેલી, તા. ૨૯

અમરેલી જીલ્લામાં દરેક પોલીસ સ્ટેશન વિસ્તારમાં ''ત્રણ વાત તમારી ત્રણ વાત અમારી'' કાર્યક્રમ અંગે મીટીંગ કરવા અને જાહેર જનતાના પ્રશ્નો સાંભળવા અને તે લગત કામગીરી કરવા સુચના થઈ આવેલ હોય. જે અનુસંધાને લીલીયા પોલીસ સ્ટેશન ખાતે પી.એસ.આઈ. એસ.આર. ગોહીલનાઓના અધ્યક્ષ સ્થાને જાહેર જીવનના આગેવાનો તથા અન્ય રાજકીય હોદેદારો અને ગામ લોકો સાથે એક સુંદર મીટીંગનુ આયોજન કરવામા આવેલ. જેમા



હાજર રહેલ જનતાને સદરહું બાબતે તેઓના કોઈ પ્રશ્નો હોય તો જણાવવા ભલામણ કરવામાં આવેલ અને કોઈ પણ તકલીફ હોય કે અન્ય કોઈ હેરાનગતી કે અન્ય કોઈ પ્રશ્નો ઉપસ્થિત થયે તુર્ત જ પોલીસ સ્ટેશન ખાતે જાણ કરવા જાહેર જનતાને તથા હાજર આગેવાનોને અનુરોધ કરવામા આવેલ હતો. અને આ કોન્સેપ્ટ અંતર્ગત જનતા

**અનુસંધાન પાના ૬ ઉપર**

### બપોર પડે એટલે વરસાદ આવી જાય

## અમરેલી તથા આજુબાજુનાં વિસ્તારોમાં વીજળીનાં કડાકા-ભડાકા સાથે વરસાદ

**પવન અને વીજળીએ લોકોમાં ગભરાટ ફેલાવી દીધો**



અમરેલી, તા. ૨૯

અમરેલી શહેરમાં ગઈકાલે એક ઈંચ જેટલો વરસાદ નોંધાયા બાદ આજે સતત બીજા દિવસે વીજળીનાં કડાકા-ભડાકા અને જોરદાર પવન

**અનુસંધાન પાના ૬ ઉપર**















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)